સુવિચાર

''હીરાપારખું બનવું સારી વાત છે, પણ પીડાપારખું બનવું એથી ય સારી બાબત છે.''

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૫/૧૧/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૨ કારતક સુદ-૧૫ વર્ષ : ૧૬ અંક : ૨૭૩

## માર્ગમાં નડતરરૂપ ઓટલા, છાપરા હટાવવાનું શરૂ થતાં દેકારો

# લાઠીમાં દબાણ હટાવની કામગીરી શરૂ થતાં વેપારીઓમાં રોષ

**પ્રાંત કચેરીમાં રજૂઆત બાદ દબાણ હટાવની કામગીરી ચુસ્ત બંદોબસ્ત વચ્ચે શરૂ થઈ**

**ગણતરીની મિનિટોમાં ચાવંડ દરવાજા આસપાસની દુકાનો ટપોટપ બંધ થઈ**

**વેપારી અગ્રણીઓએ મધ્યસ્થી કરીને સ્વૈચ્છાએ દબાણ હટાવી લેવાની ખાત્રી આપતાં કામગીરી બંધ કરાઈ**

**એક તરફ ખેડૂતો પરેશાન હોય તે સમયે તંત્રએ વેપારીઓને દોડતા કર્યા**








અમરેલી, તા. ૪

લાઠી ખાતે નગરપાલિકા સહિતના વહીવટીતંત્ર દ્વારા શરૂ કરાયેલ દબાણ હટાવની કામગીરી સામે સ્થાનિક વેપારીઓમાં ઉગ્ર રોષ ફાટી નીકળતા અને લોકો રસ્તાઓ ઉપર આવી જતાં અને ગામના વેપારીઓ દ્વારા ફટાફટ દુકાનો બંધ રાખી વિરોધ દર્શાવતા વહીવટીતંત્ર દ્વારા હાલ દબાણ હટાવની કામગીરી હાલ પુરતી મોકૂફ રાખવામાં આવેલ છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ લાઠી ખાતે જાહેર માર્ગો, ટ્રાફિકને નડતરરૂપ ઓટા અને છજા હટાવવા માટે થઈ પ્રાંત કચેરીમાં અરજી આવતાં લાઠી ખાતે પાલિકા સહિતના વહીવટીતંત્ર દ્વારા આજે આવા ગેરકાયદે દબાણ હટાવવાનીની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

ત્યારે લાઠી શહેરમાં કામગીરીની શરૂઆત થતાં જ સ્થાનિક વેપારીઓ એકઠા થયા હતા. લાઠીના વેપારીઓએ વિરોધ કરી ટપોટપ દૂકાનો બંધ કરવા લાગ્યા હતા અને લોકો પણ દબાણ હટાવવા કામગીરીના વિરોધમાં એકઠા થયા હતા. બાદમાં સ્થાનિક વેપારી એસોસિએશન દ્વારા મધ્યસ્થતા કરી લાઠી ગામમાં ટ્રાફિકને નડતરરૂપ અને વધારા પતરા સ્વૈચ્છાએ ઉતારી લેવા ખાતરી આપવામાં આવતાં અને વેપારીઓની રજૂઆતને ધ્યાને લઈ હાલ પુરતું લાઠી ખાતે દબાણ હટાવની કામગીરી મોકુફ રાખવામાં આવેલ છે.

## ભાજપાનાં પૂર્વ પ્રમુખ ડો. ભરત કાનાબારનો ભ્રષ્ટાચારીને ટોણો

# હકની કમાણીની સાઈકલ જેટલો આનંદ અણહકની કમાણીમાંથી લીધેલ મર્સીડિઝમાં બેસવાથી નથી મળતો

**જો કે મુડીવાદનાં માહોલમાં ભ્રષ્ટાચારીઓને કોઈ શરમ રહી નથી**

અમરેલી, તા. ૪

આજનાં મુડીવાદ અને કળિયુગનાં માહોલમાં નિષ્ઠા પ્રમાણિકની વાતો કરવી કે તે અંગે કંઈ લખવુ તે બાબતની કોઈ અસર થતી નથી. છતાં પણ અમુક નિષ્ઠાવાન વ્યકિતઓ મુડીવાદનાં વાવાઝોડામાં પણ આશાની મીણબતી પ્રગટાવતાં જોવા મળી રહ્યા છે.

જેમ કે, ભાજપનાં પૂર્વપ્રમુખ ડો. કાનાબારે એક પોસ્ટમાં જણાવેલ છે કે, જેને પોતાના હકની કમાણી કરતા ''



ઉપરની આવક''માં જ રસ હોય તેની પૈસાની ભૂખ કયારેય મટતી નથી.

આ ઉપરની અણહકની કમાણીને ક્ષેત્ર અને વ્યવસાય પ્રમાણે અલગ અલગ નામો અપાયા છે જેથી લેનારને ઓછી શરમ લાગે, જેમ કે કમિશન, લાયોઝનિંગ ફી, ગિફટ, પ્રોફિટ શેરીંગ, વહેવાર, વહીવટ, કટ પ્રેકટીસ પાર્ટી ફંડ વિગેરે.

પણ એક વાત નકકી છે કે હકની કમાણીથી લીધેલ સાઈકલ પર બેસવામાં જેટલો આનંદ આવે છે તેટલો આનંદ અણહકની કમાણીમાંથી લીધેલ મર્સીડિઝમાં બેસવાથી પણ નથી મળતો!

## સત્તાપક્ષની ભગિની સંસ્થા પણ મેદાનમાં આવી ગઈ

# વડિયામાં ખેડૂતોનાં પાક ધિરાણ માફ કરવાની માંગ સાથે ભારતીય કિસાન સંઘનુ મામલતદારને આવેદનપત્ર

**ધિરાણ માફીની સાથે ૨૦૦ મણ મગફળીની ખરીદી કરવા પણ માંગ**



તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૪


સમગ્ર રાજયમાં કમોસમી વરસાદી માવઠાના કારણે ખેતી, ખેડૂત અને ગામડું બરબાદી તરફ ધકેલાયા છે ત્યારે સમગ્ર રાજયમાં હાલ આ પરિસ્થિતીમાં ખેડૂતની સ્થિતિ દયનિય બની ચુકી છે. સતાધારી પક્ષ દ્વારા સર્વેના બહાના આગળ ધરી નેતાઓ ખેડૂતોના ખેતરોમાં ગારો ખૂંદતા અને પાથરા ઉંચકતા જોવા મળ્યા છે. અમરેલી જિલ્લામાં આ કપરી પરિસ્થિતીમાં ખેડૂતોની પડખે ઉભી રહી વર્તમાન દાદાની સરકારને ખેડૂતોની મદદે આવવા માટે ભારતીય કિસાન સંઘ દ્વારા વડિયા મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર

અનુસંધાન પાના ૬ ઉપર

## ધારાસભ્ય મહેશ કસવાલા દેવામાફીનો પત્ર પાઠવે તો તેમનું મોં મીઠુ કરાવશે

# અને ખેડૂતોની દેવા માફીની જાહેર કરે તો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું કોંગી પ્રમુખ પ્રતાપ દુધાત સ્વખર્ચે સન્માન કરશે

**સાવરકુંડલા ખાતે વિશાળ સંમેલન યોજીને કરાશે સન્માન**







અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લામાં કોંગ્રેસ પક્ષ દ્વારા જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાતની આગેવાનીમાં ૬ દિવસીય ''ખેડુત સત્યાગ્રહ'' આંદોલન શરૂ થયુ છે. તે દરમિયાન આજે જિલ્લા કોંગી પ્રમુખે ચોકવનારૂ નિવેદન આપેલ છે.

તેઓએ જણાવેલ છે કે કમોસમી વરસાદથી ખેડુતોનો મગફળી, સોયાબીન, કપાસ સહિતનો પાક નેસ્તનાબૂદ થયો હોય તેવા સમયે સાવરકુંડલાનાં ધારાસભ્ય મહેશ કસવાલા રાજય સરકારને પત્ર પાઠવીને ખેડુતોનાં દેવા માફી કરવાની રજુઆત કરે તો તેઓ ધારાસભ્ય કસવાલાનું મોં મીઠું કરાવશે.

વધુમાં જણાવેલ છે કે જો મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ખેડુતોનાં દેવા માફ કરે તો સાવરકુંડલાની ધરતી ઉપર કોંગી પ્રમુખ સ્વખર્ચે મુખ્યમંત્રીનું જાહેર સન્માન કરશે. આમ, ખેડુતોનાં પ્રશ્ને કોંગી પ્રમુખે ધારાસભ્ય અને મુખ્યમંત્રી સમક્ષ દડો ફેકયો હોય જોઈએ હવે શું પ્રતિભાવ આવે છે.

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) — દિવસ માટે - ૨ (લેડીઝ), રાત્રી માટે - ૧ (જેન્ટસ/લેડીઝ)
નર્સિંગ સ્ટાફ (GNM/ANM) — દિવસ માટે - ૪ (લેડીઝ), રાત્રી માટે - ૪ (લેડીઝ)
નર્સિંગ આસિસ્ટંટ (લેડીઝ) — દિવસ માટે - ૨, રાત્રી માટે - ૨
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

## એકનુ ડુબી જવાથી, એકનુ ઝેરી દવા પીવાથી અને બે વ્યકિત માર્ગ અકસ્માતનો ભોગ બન્યા

# અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન તરૂણ, વૃધ્ધા સહિત ૪ વ્યકિતનાં મોત


**સ્થાનિક પોલીસ દ્વારા ધોરણસર કાર્યવાહી હાથ ધરાઈ**

અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન અલગ અલગ ચાર બનાવમાં એક તરૂણ, વૃધ્ધા સહિત ચાર લોકોના મોત થયાનું જે તે પોલીસ સ્ટેશનમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પ્રથમ બનાવમાં બગસરા તાલુકાના પીઠડીયા ગામના વતની અને હાલ ખાંભા તાલુકાના ભાડ ગામે રહેતા

અનુસંધાન પાના ૬ ઉપર

Krishna DINING HALL

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,09,400/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૪/૧૧/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

### ધાર્મિક સ્થળો, જળસ્ત્રોતો અને સરકારી કચેરીઓ આસપાસ

# અમરેલી જિલ્લામાં ''સ્વચ્છોત્સવ'' અંતર્ગત સફાઇ કાર્ય કરાયુ

**૧૭ સપ્ટેમ્બરથી ૩૧ ઓક્ટોબર સુધી જિલ્લાનાં પાલિકા વિસ્તારમાં સ્વચ્છતાનું કાર્ય કરવામાં આવ્યું**

**કચરાનાં એકત્રીકરણ અને વર્ગીકરણનાં તમામ સાધનોની પણ સફાઇ હાથ ધરવામાં આવી**

**નદી, તળાવ, સરોવર, સમુદ્ર કિનારાની સફાઇ તેમજ વરસાદી પાણીનાં નાળાની પણ કરાઇ સફાઇ**

**સ્વચ્છતા ઝુંબેશ આગામી સ્વચ્છ સર્વેક્ષણમાં ઉત્તમ પ્રદર્શન માટે પાયો નાખશે**



અમરેલી, તા. ૪

ભારત સરકારના સ્વચ્છ ભારત મિશન હેઠળ આ વર્ષે મિશનના ૧૧ વર્ષની ઉજવણીના ભાગરૂપે ''સ્વચ્છતા હી સેવા–૨૦૨૫'' ને ''સ્વચ્છોત્સવ'' તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકાર દ્વારા તા. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી તા. ૨ ઓકટોબર, ૨૦૨૫ સુધી ''સ્વચ્છતા હી સેવા–૨૦૨૫''પખવાડિયાનું આયોજન કરવામાં આવેલું. રાજય સરકાર દ્વારા નિર્મળ ગુજરાત ૨.૦ની કામગીરી અને આગામી સ્વચ્છ સર્વેક્ષણની પ્રાધાન્યતાને ધ્યાને લઈને, આ અભિયાનને તા. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી તા. ૩૧ ઓકટોબર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવ્યું હતું. આ ઝુંબેશના અનુસંધાને, ભાવનગર ઝોન હેઠળની અમરેલી જિલ્લાની તમામ નગરપાલિકાઓ દ્વારા 'સ્વચ્છતા હી સેવા–૨૦૨૫' કેમ્પેન અંતર્ગત શહેર વ્યાપી સઘન સફાઈ અને જનજાગૃતિની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી.

આ ઝુંબેશ દરમિયાન, પબ્લિક ટ્રાન્સપોર્ટ હબ અને હાઈવેની સફાઈ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. જેમાં બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન વિસ્તારો, તમામ રિક્ષા/ટેક્ષી સ્ટેન્ડસ, સાઈકલ સ્ટેન્ડ અને જાહેર પાર્કિંગની સંપૂર્ણ સાફ–સફાઈ કરવામાં આવી. આ ઉપરાંત, શહેરી વિસ્તારમાં આવેલ તેમજ પસાર થતા રાજયના/રાષ્ટ્રીય ધોરી માર્ગો અને રીંગ રોડની સફાઈ કરાઈ. મહત્વનું છે કે કચરાનાં એકત્રીકરણ અને વર્ગીકરણનાં તમામ સાધનોની પણ સફાઈ હાથ ધરવામાં આવી હતી.

સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ, ધાર્મિક અને પ્રવાસન સ્થળોની સફાઈ તથા વોટર બોડીસ/નાળાની સફાઈની કામગીરીને પ્રાધાન્ય આપવામાં આવ્યું. ધાર્મિક સ્થળો, પ્રવાસન સ્થળો, બાગ–બગીચાઓ, ઐતિહાસિક સ્થળોની સઘન સફાઈ કરવામાં આવી. જળસ્ત્રોતોની વાત કરીએ તો, નદી, તળાવ, સરોવર, સમુદ્ર કિનારાની સફાઈ તેમજ વરસાદી પાણીના નાળા અને ચેક પોઈન્ટસની સફાઈ દ્વારા પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા સુનિશ્ચિત કરાઈ.

શહેરી સૌંદર્ય અને સ્વચ્છતા જાળવવા માટે સર્કલ/સિગ્નલ્સ, પ્રતિમાઓ અને ખુલ્લા પ્લોટ, શેરીઓની સફાઈ પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું. સર્કલ/ચાર રસ્તા, સિગ્નલ્સ અને શહેરમાં પ્રસ્થાપિત પ્રતિમાઓની સફાઈ ઉપરાંત, ખુલ્લા પ્લોટમાંથી કચરો હટાવીને સ્વચ્છ કરવામાં આવ્યા. વ્યાપારી ગતિવિધિઓ ધરાવતા વિસ્તારોની સ્વચ્છતા માટે માર્કેટ અને વાણિજય વિસ્તારની સઘન સફાઈ કરવામાં આવી, જેમાં એપીએમસી, શાકભાજી માર્કેટ, ફૂડ માર્કેટ સહિત તમામ વાણિજિયક વિસ્તારો આવરી લેવાયા.

અમરેલી જિલ્લાની નગરપાલિકાઓ દ્વારા હાથ ધરવામાં આવેલ આ વ્યાપક ઝુંબેશ નિર્મળ ગુજરાત ૨.૦ના લક્ષ્યને સિદ્ધ કરવામાં અને આગામી સ્વચ્છ સર્વેક્ષણમાં ઉત્તમ પ્રદર્શન માટે પાયો નાખશે.

### ગુજરાત રાજય યોગ બોર્ડના માધ્યમથી

## અમરેલી જિલ્લા જેલમાં ''અહિંસાથી એકતા'' યોગ શિબિર યોજાઇ

**જિલ્લા જેલના અધિકારી તેમજ પોલીસ જવાનો પણ શિબિરમાં જોડાયા**



અમરેલી, તા. ૪

ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા અને યોગ સેવક શિશપાલજીના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા જેલ ખાતે પોલીસ સ્ટાફ તેમજ બંદીવાન ભાઈઓ બહેનો માટે ૨ ઓકટોબરથી ૩૧ ઓકટોબર સુધી એક મહિના માટે 'અહિંસા થી એકતા' યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા યોગ કો–ઓર્ડીનેટર સાગરભાઈ મહેતા, યોગ શિબિર સંચાલક અને અમરેલી જિલ્લા યોગ એકસપર્ટ ડો. નિકિતા પંડયા અને સહ સંચાલક – યોગ ટ્રેનર રાહુલભાઈ અગ્રાવત દ્વારા એક મહિના માટે અમરેલી જિલ્લા જેલના સ્ટાફ, પોલીસ જવાનો તેમજ બંદીવાન ભાઈઓ અને બહેનોને વિવિધ યોગા અભ્યાસો, સૂર્ય નમસ્કાર ,ચંદ્ર નમસ્કાર, બ્રિધિંગ ટેકનીક, પ્રાણાયામ, અલગ અલગ પ્રયાન પધ્ધતિથી ધ્યાન, સંપૂર્ણ સ્વાસ્થ્ય તેમજ આયુર્વેદ અનુસાર સ્વસ્થ શૈલી માટેની દિનચર્યાથી પણ અવગત કરાવવામાં આવ્યા.

આ યોગ શિબિર અમરેલી જિલ્લા જેલ અધિક્ષક એ. એન. પરમાર તેમજ જેલર જાવેદ ચાનીયાનીના સહયોગથી યોજવામાં આવી હતી.

'અહિંસા થી એકતા' યોગ શિબિરથી અમરેલીના યોગ સાધકોમાં પોલીસ સ્ટાફ તેમજ બંદીવાન ભાઈઓ બહેનોને સ્વાસ્થ્યમાં ખૂબ જ લાભ પ્રાપ્ત થયો છે અને ઘણા રોગો જેવા કે મેદસ્વિતા, ડાયાબિટીસ, બીપી, માથાનો દુખાવો, અનિદ્રા, વિચારવાયુ, સાંધાના દુખાવા, પેટને લગતી તકલીફોમાં પણ ખૂબ જ રાહત મળી છે. આ યોગ શિબિરમાં સહભાગી થનાર યોગ અભ્યાસુઓના પ્રતિભાવ મુજબ આ યોગ શિબિરથી તેમને ખૂબ જ સ્વસ્થ તેમજ શાંતિપૂર્ણ અનુભવ થયો છે અને જીવનમાં સકારાત્મકતાનો સંચાર થયો છે. તેમ ગુજરાત રાજય યોગ બોર્ડના જિલ્લા કો– ઓર્ડીનેટરએ એક યાદીમાં જણાવ્યું છે.

## અમરેલી : સૂરગંગા સંગીત–નૃત્ય વિદ્યાલયનાં વિદ્યાર્થીઓએ રાજયકક્ષાએ ગૌરવ વધાર્યુ

અમરેલી, તા. ૪

અમરેલીના સંગીતાચાર્ય શાંતિભાઈ જેઠવા અને પરેશભાઈ જેઠવાના શિષ્યવૃંદે રાજયકક્ષાની સંગીત સ્પર્ધાઓ તેમજ સંગીત વિશારદમાં નામના મેળવી અમરેલી તેમજ સંસ્થાનું ગૌરવ વધારવા બદલ મહાનુભાવોના અભિનંદન મળી રહયા છે.

આઈઆઈટીઆઈ, ગુજરાત રાજય, ગાંધીનગરમાં NSS ડે ની ઉજવણી નીમીતે યોજાયેલ સ્પર્ધામાં અમરેલીની કુ. જેનિશા રઘુભાઈ ભટ્ટે ઈન્સ્ટુમેન્ટલ મ્યુઝીકમાં પ્રથમ સ્થાન મેળવેલ છે. આ સ્પર્ધામાં ૫૦ જેટલી વિવિધ યુનિવર્સિટીઓએ ભાગ લીધેલ હતો.

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી, ચાંદખેડા, જિ.– ગાંધીનગર મુકામે યોજાયેલ રાજય કક્ષાના એન્જીનીયરીંગ ડીપ્લોમાં– ડીગ્રીનાં યુવા મહોત્સવમાં ૫૯ કોલેજો વચ્ચેની સ્પર્ધામાં અમરેલીના યુવા કલાકાર ઉત્સવ બારૈયા, એડવોકેટ જીતેન્દ્રભાઈ ગોહેલના પૌત્રએ હારમોનિયમ વાદનમાં ત્રીજુ સ્થાન, તેમજ ચરોતર વિદ્યામંડળ સીવીએમ યુનિવર્સિટીમાં વલ્લભવિદ્યાનગર મુકામે યોજાયેલ ૨૪ કોલેજો વચ્ચેની સ્પર્ધામાં ઉત્સવ બારૈયાએ હારમોનિય સોલો વાદનમાં બીજું સ્થાન અને બાંસુરી વાદનમાં સ્થાન મેળવેલ હતું.

મહાગુજરાત ગાંધર્વ સંગીત સમિતિ, સુરત (સરકાર માન્ય) ધ્વારા તાજેતરમાં લેવાયેલ સંગીત વિશારદ ગાયનમાં સૌરાષ્ટ્ર ઝોનમાં ઉચ્ચ ગુણ મેળવી પ્રથમ સ્થાને આવવા બદલ કુ. શ્રુતિ પ્રફુલભાઈ ઠાકર તેમજ તૃપ્તિબેન પ્રકાશભાઈ તેરૈયાએ સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરેલ છે. તેમજ સુરતની સમિતિ તરફથી સંગીત વિશારદ તબલા વાદનમાં સૌરાષ્ટ્ર ઝોનમાં પ્રથમ સ્થાન મેળવી રાહીલ શૈલીનભાઈ આદ્રોજાએ સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરેલ છે.

### જનતા જનાર્દનનાં પૈસાથી થતાં કાર્યથી જનતાને જ પરેશાની વધી

## લ્યો બોલો : દામનગરનાં લાઠી માર્ગ ઉપર ડાયવર્ઝનની સુવિધા વગર જ ઓવરબ્રિજનુ કામ શરૂ કરી દેવાયુ

**ધારાસભ્યએ આપેલ માર્ગદર્શનનો પણ થઈ રહ્યો છે ઉલાળીયો**



તસ્વીર : નટુભાઈ ભાટિયા–દામનગર

દામનગર, તા. ૪

દામનગર શહેરમાં લાઠી રોડ ઉપર આવેલ રેલવે ફાટક ઉપર બનતા ઓવરબ્રિજનું કામ લાંબો સમય ચાલવાનું હોય તેમ છતાં કામ કરતી એજન્સી એ ટેન્ડરની સામાન્ય શરતોનું આચરણ વગર કામ શરૂ કર્યુ સ્થાનિક ધારાસભ્ય એ પણ વિઝીટ કરી ચુકયા છે અને જરૂરી માર્ગદર્શન આપ્યું હોવાનું જાણવા મળે છે ત્યારે સવાલ એ છે કે ધારાસભ્યના માર્ગદર્શનનો પણ ઉલ્લાળીયો કરાય રહ્યો છે દૈનિક હજારો લોકો જિલ્લા અને તાલુકા મથકેથી અપડાઉન કરતા હોય સરકારી બાબુ ઉપરાંત તાલુકા જિલ્લા મથકે કે દવાખાના ઉચ્ચ અભ્યાસ માટે અવર જવર કરતા વિદ્યાર્થી અને લાખો દર્શનાર્થીઓ યાત્રા ધામ ભુરખિયા અવર જવર કરતા હોય તેવા અતિ ધમધમતા સ્ટેટના લાઠી દામનગર રોડ ઉપર ચાલતા રેલવે ઓવરબ્રિજના કામ ખૂબ લાંબો સમય ચાલનાર છે કામ કરતી એજન્સીએ ડ્રાયવર્ઝન બનાવ્યા વગર જ ઓવરબ્રિજનું કામ શરૂ કર્યુ અનેક વખત ફરિયાદો પ્રચાર માધ્યમોમાં પણ લોકોની હાલાકી અંગે અહેવાલો પ્રસિદ્ધ થયા છતાં કામ કરતી એજન્સીની ધરાર મનમાની સરકારી તંત્ર કે ધારાસભ્યને પણ નહીં ગણકારતી હોય ? કે પછી કોઈ મોટા ગજાના નેતાના આશીર્વાદ કે ભાગીદાર હશે ? જાહેર બાંધકામ વિભાગના અધિકારીઓએ લાઠી દામનગર સ્ટેટના રોડ ઉપર ચાલતા ઓવર બ્રિજની સ્થળ વિઝીટ કરી યોગ્ય રીતે ડ્રાયવર્ઝન બનાવવા તાકીદ કાર્યવાહી કરવી જોઈએ આ રસ્તામાં ડ્રાયવર્ઝન યોગ્ય રીતે આપવું એ ઉપકાર નથી જનતાનો હક્ક છે એ ન ભૂલવું જોઈએ ઓવરબ્રિજ સ્થળે ધારાસભ્યએ સ્થળ વિઝીટ કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હોવાની મધ્યમમો એ પણ નોંધ લીધી પણ કામ કરતી એજન્સી એ નોંધ ન લીધી.

## સાવરકુંડલા ખાતે શુક્રવારે ૩૪૧મો વિનામુલ્યે નેત્રમણી યજ્ઞ યોજાશે

સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલા તાલુકાની ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે આગવી ઓળખ ધરાવતાં સ્વામિનારાયણ ગુરૂકુળ સાવરકુંડલા અને અમરેલી જિલ્લા અંધત્વ નિવારણ સમિતિ દ્વારા સેવાકીય વિવિધ પ્રવૃત્તિઓ ચાલે છે. તે પૈકી આગામી તારીખ ૭/૧૧/૨૫ને શુક્રવારના રોજ ૩૪૧મો વિનામુલ્યે મહાનેત્રયજ્ઞ નેત્રમણિ સાથે સ્વામિનારાયણ ગુરૂકુળ સાવરકુંડલા ખાતે યોજાશે. આ કેમ્પમાં આંખના રોગોથી પીડાતા દર્દીઓએ કેમ્પનો લાભ લેવા સંસ્થા દ્વારા જણાવવામાં આવેલ છે . આ કેમ્પમાં મોતિયાના ઓપરેશનની જરૂરિયાત હોય તેવા દર્દીઓને વિનામૂલ્યે મોતિયાના ઓપરેશનો વિરનગર ખાતે કરી આપવામાં આવશે. ઓપરેશન કરવાના થાય તેવા દર્દીઓને ગુરૂકુળથી બસ દ્વારા વિરનગર લઈ જવામાં આવશે અને ઓપરેશન બાદ સાવરકુંડલા પરત લાવવામાં આવશે. આ કેમ્પના દાતા તરીકે કીર્તિકુમાર ચંપકલાલ બોરડીયા મુંબઈનો સહયોગ પ્રાપ્ત થયો છે. કેમ્પનું દીપ પ્રાગટ્ય સંસ્થાના વડા પૂ ભગવતપ્રસાદદાસજી સ્વામીજી, સ્વામિનારાયણ ગુરૂકુના પ્રમુખ શાસ્ત્રી હરિપ્રસાદ દાસજી સ્વામી તથા કોઠારી અક્ષરમુકત દાસજી સ્વામીની ઉપસ્થિતિમાં કરવામાં આવશે એમ સંસ્થાના ગિરીશભાઈ વ્યાસ દ્વારા જણાવવામાં આવ્યું છે.

## મગફળીના પલળેલા પાથરા પલળી જવાની સ્થિતિમાં શક્ય તેટલું ઉત્પાદન મેળવવવા માટેના ઉપાયો જાહેર

અમરેલી, તા.૪

કમોસમી વરસાદથી મગફળીના પાકને વ્યાપક નુકસાન થયું છે, ત્યારે ખાસ ખેતરમાં મગફળીના પલળેલા પાથરા પલળી જવાની સ્થિતિમાં શક્ય તેટલું ઉત્પાદન મેળવી શકાય તે માટે ખેતીવાડી વિભાગે ઉપયોગી ઉપાયો જાહેર કર્યા છે. હાલમાં નુકશાનની સ્થિતિમાં મગફળી પાક ઉભો હોય અને પાકવાની અવસ્થા વાર હોય તો ફૂગથી સડો થવાની અને મગફળી પાકવાની અવસ્થાએ હોય તો જમીનમાં ઉગી જવાની સંભાવના રહેલી છે.

મગફળી ખેંચી કાઢી પાથરા પડયા હોય તો પાથરામાં મગફળી સડી જવાનો, બટાઈ જવાનો અને ઉગી જવાના પ્રશ્નો રહેલા છે. તેમજ મગફળીના પાંદડા/ચારોલુ સડી જવાના પણ પ્રશ્ન છે.

આ સ્થિતિમાં ખેડૂતોએ તત્કાલ કરવાના થતાં ઉપાયોમાં વરસાદ પડ્યો હોઈ જમીનમાં ભેજ છે, આથી પાકવાની અવસ્થાએ મગફળી હોય તેની લણણી કરવી/મગફળી ખેંચી લેવી.

પલળી ગયેલા પાથરામાં સડો/બટાઈ ન જાય તે માટે પાથરાને એક–બે વાર ઉલટાવવા/ફેરવવા જોઈએ. ભીની મગફળીને ખુલ્લામાં તડકામાં કે, પંખા નીચે સુકવવી. જેથી મગફળી બગડે નહીં અને ભાવ સારા મળી રહે. જો મગફળી ખેંચવાની વધુ વાર હોય તો ફૂગનાશક દવાનો છંટકાવ કરવો જોઈએ.

## રાજકારણનાં એપી સેન્ટર ગણાતા અમરેલીમાં નવી ચકચાર જાગી

# ‘‘દિકરીનાં નિહાપા લાગ્યા’’ : દિલીપ સંઘાણી

**જો કે દિગ્ગજ નેતાએ કોને નિહાપા લાગશે તે અંગે સ્પષ્ટતા કરી નથી**

**જો કે જિલ્લાનાં ભાજપ, કોંગ્રેસનાં આગેવાનો અને કાર્યકરોને બધી ખબર છે**

**ઔદ્યોગિક રીતે પછાત રહેલ અમરેલી જિલ્લામાં રાજકારણમાં હંમેશા તેજીનો માહોલ હોય છે**

**ભાજપનાં નેતા તેમની પોસ્ટ અંગે કોઇ ચોખવટ કરશે કે નહી તેના પર સૌની નજર મંડાયેલ છે**

અમરેલી, તા. ૪

અમરેલીભાજપનાવરિષ્ઠ રાજકીય નેતા અને ઈફકો ચેરમેન દિલીપભાઈ સંઘાણી દ્વારા સોશ્યલ મીડિયા પર કરવામાં આવેલી પોસ્ટથી ભારે ચકચાર મચી જવા પામેલ છે. આ પોસ્ટમાં તેમણે લખ્યું હતું કે, ''દિકરીના નિહાપા લાગ્યા'', જેના કારણે જિલ્લાના રાજકીય અને સામાજિક વર્ગોમાં અનેક અટકળો ફેલાઈ છે.

આ પોસ્ટમાં કઈ દિકરી અને કંઈ બાબતના નિહાપા લાગ્યા તે સ્પષ્ટ કરેલું નથી, જેના કારણે લોકો વિવિધ અનુમાન લગાવી રહ્યા છે. સ્થાનિક લોકો અને રાજયના રાજકીય વિશ્લેષકો એમ માને છે કે સંઘાણીના નિવેદન પાછળ કોઈ ખાસ રાજકીય સંદર્ભ અથવા સામાજિક મુદ્દો હોઈ શકે છે. તેમ છતાં પોસ્ટમાં કોઈ સ્પષ્ટ ઉલ્લેખ ન હોવાને અમરેલી જિલ્લાનું રાજકારણ ગરમાયું છે.

દિલીપ સંઘાણી અમરેલીના જાણીતા ભાજપના નેતા છે અને તેમના રાજકીય અને સામાજિક પગલાં લોકો માટે ખુબ મહત્વ ધરાવે છે. તેમની આ પોસ્ટ પછી સોશ્યલ મીડિયા પર કમેન્ટ અને શેરિંગમાં ઝડપથી વધારો થયો છે. અનેક લોકો તેમની આ પોસ્ટને રાજકીય સંકેત તરીકે લઈ રહ્યા છે, જયારે કેટલાંક લોકો સામાજિક મુદ્દાઓ સાથે જોડાણ શોધવાનો પ્રયાસ કરી રહ્યા છે. જાહેર અને લોકચર્ચાઓ વચ્ચે દિલીપ સંઘાણીની આ પોસ્ટ માટે કોઈ સ્પષ્ટતા માટે કોઈ નિવેદન હજુ સુધી સામે આવ્યું નથી. રાજકીય વર્ગ અને સ્થાનિક લોકો હવે જોવામાં રસ ધરાવે છે કે આ પોસ્ટ પછી વરિષ્ઠ નેતાનું સ્ટેન્ડ શું રહેશે અને કઈ દિશામાં વાત આગળ વધે છે.

આ બનાવ બાદ અમરેલીમાં તેમજ રાજયના રાજકારણમાં ભારે ચર્ચા ઉઠી છે. સોશ્યલ મીડિયા પર સંઘાણીની પોસ્ટને લઈને વિશ્લેષણ અને અટકળો સતત વધ્યા છે અને લોકો આ મુદ્દે આગામી દિવસોમાં વધુ સ્પષ્ટતા માટે રાહ જોઈ રહ્યા છે.




## અમરેલી જિલ્લામાં ભાજપ-કોંગી નેતાઓ ‘‘નિહાપા’’ ગણાવતા થયા

## દિલીપ સંઘાણીની ‘‘પોસ્ટ દિકરીનાં નિહાપા લાગ્યા’’ બાદ જેની ઠુંમરની પોસ્ટ સાહેબ, ઘણી બધી દિકરીઓનાં નિહાપા સરકારને લાગવાના

**રાજકીય આગેવાનો કટાક્ષભરી ભાષામાં ચાબખા મારતા થયા**

અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લામાં આજે ‘ ‘નિહાપા’’ શબ્દએ ચર્ચાનું જોર પકડેલ છે. ભાજપનાં દિગ્ગજ નેતા દિલીપ સંઘાણીએ પોતાની પોસ્ટમાં ‘‘દિકરીનાં નિહાપા લાગ્યા’’ તેવું જણાવેલ છે.

બીજી તરફ કોંગી નેતા જેની ઠુંમરે પણ પોતાની પોસ્ટમાં જણાવ્યુ કે સાહેબ, ઘણી બધી દિકરીઓનાં નિહાપા સરકારને લાગવાના તેમ જણાવતાં જિલ્લાનાં ભાજપ-કોંગ્રેસનાં રાજકારણમાં ચર્ચાનો દોર શરૂ થયો છે.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠ્ઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ — ૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

જોઈએ છે:::
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
એકાઉન્ટન્ટ..૨
કમ્પ્યુટર ઓપરેટર..૩
હેલ્પર.........૩
માત્ર અનુભવી સંપર્ક કરે
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪ / ૯૪૨૯૯ ૫૨૧૦૪






ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઈન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦












લોકલ ફોર વોકલ ॥ જય પરશુરામ ॥ સુવિધા સાથે વિવિધતા
મહાજન રીયલ એસ્ટેટ
MAHAJAN REAL ESTATE
ઉપલબ્ધ સુવિધાઓ
મિલ્કત લે - વેચ
મિલ્કતની ઈન્ડેકસ | નવી મિલ્કતનું ડેવલોપમેન્ટ
મિલ્કત PR કાર્ડ ડાઉનલોડ | મિલ્કતના સ્કેચ - ઓટોકેડ
મિલ્કતનો ઈ-સર્વે (ડ્રોન) | મિલ્કતનો ભાડા કરાર
મિલ્કતનો ઈ-સર્વે (DGPS) | મિલ્કત ઉપર લોન - મોર્ગેજ
મિલ્કતનું રિનોવેશન | મિલ્કતનું ઈ-માર્કેટીંગ
રિ-ડેવલોપમેન્ટ | મિલ્કતનું જીઓ-ટેગીંગ
નવલ મકવાણા
રેરા એપ્રુવ્ડ રીયલ એસ્ટેટ એજન્ટ
95 86 86 2345
ગ્રાઉન્ડ ફલોર, વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)













### ગેસ કટર મશીનની મદદથી મુસાફરોનું રેસ્ક્યૂ

# છત્તીસગઢમાં માલગાડી અને પેસેન્જર ટ્રેન વચ્ચે ટક્કર, ૬ના મોત, અનેક ઈજાગ્રસ્ત

### હાવડા રૂટ પર ચાલી રહેલી પેસેન્જર ટ્રેન અને માલગાડી વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી, દુર્ઘટના બાદ ઘટના સ્થળે અફરાતફરી મચી ગઈ

છત્તીસગઢ,તા.૪

છત્તીસગઢના બિલાસપુર જિલ્લામાં લાલખદાન પાસે એક મોટી ટ્રેન દુર્ઘટના સામે આવી છે. હાવડા રૂટ પર ચાલી રહેલી પેસેન્જર ટ્રેન અને માલગાડી વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. દુર્ઘટના બાદ ઘટના સ્થળે અફરાતફરી મચી ગઈ છે. ટ્રેનના ઘણા ડબ્બા પાટા પરથી નીચે ઉતરી ગયા છે. જેનાથી મુસાફરોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો. પ્રાથમિક જાણકારી અનુસાર, આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા૬ લોકોના મોત થયા છે. જ્યારે ઘણાં મુસાફરો ઘાયલ થયા છે. ઘાયલોની હાલત ગંભીર બતાવવામાં આવી રહી છે. તેઓને તાત્કાલિક હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં છે.રેલવે વિભાગ દ્વારા તરત જ રેસ્ક્યુ ટીમ અને મેડિકલ યૂનિટને ઘટના સ્થળે મોકલી દેવામાં આવી છે. સ્થાનિક પ્રશાસનની પણ મદદ લેવામાં આવી છે. દુર્ઘટનાના કારણે આખા રૂટ પર ટ્રેનનું પરિવહન ઠપ્પ થઈ ગયું છે. ઘણી ટ્રેનો રદ કરી દેવામાં આવી છે અથવા તો ડાયવર્ડ કરી દેવામાં આવી છે. મુસાફરો માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ઓવરહેડ વાયર અને સિગ્નલ સિસ્ટમને નુકસાન પહોંચ્યું છે. આ દુર્ઘટના બિલાસપુર-કટની સેક્શનમાં સર્જાઈ છે. જે વ્યસ્ત રેલમાર્ગ છે. રેલવેએ તપાસ શરૂ કરી દીધી છે. મુસાફરોને અપીલ કરવામાં આવી છે કે, અપડેટ માટે હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરે. સ્થિતિ પર કાબૂ મેળવવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે.રેલવે પ્રશાસને તરત જ અકસ્માતની જાણ થતાં જ ઈમર્જન્સી ટીમોને મોકલી દીધી. દક્ષિણ પૂર્વ મધ્ય રેલવેના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઘાયલોના ઈલાજ માટે તમામ જરૂરી સાધનો ઉપલબ્ધ કરાવી દેવામાં આવ્યા છે. બિલાસપુરના સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં વિશેષ વોર્ડ તૈયાર કરવામાં આવ્યા છે, જ્યાં ડોક્ટરોની ટીમ સતત ઘાયલોની સંભાળ રાખી રહી છે. રેલવે દ્વારા હેલ્પલાઈન નંબર પણ જાહેર કરવામાં આવ્યા છે, જેથી પરિવારજનો તેમના મુસાફરોની માહિતી મેળવી શકે. આ ઉપરાંત, એનડીઆરએફ અને સ્થાનિક રેસ્ક્યુ ટીમો સ્થળ પર પહોંચી રાહત કાર્યમાં લાગી ગઈ છે. પાટા પરથી ઉતરેલા ડબ્બાઓને દૂર કરવા અને નુકસાનગ્રસ્ત ટ્રેક સમારકામ માટે ક્રેન અને મશીનરીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.અકસ્માતના કારણે હાવડા રૂટ પર ટ્રેન સંચાલન સંપૂર્ણપણે બંધ થઈ ગયું છે. ઘણી એક્સપ્રેસ અને પેસેન્જર ટ્રેનોને રદ કરી દેવામાં આવી છે, જ્યારે કેટલીક ટ્રેનોને વૈકલ્પિક રૂટથી ડાયવર્ટ કરવામાં આવી રહી છે. રેલવે દ્વારા મુસાફરોને ધીરજ રાખવા અને અપડેટ્સ માટે અધિકૃત વેબસાઈટ અથવા એપ ચેક કરવાની અપીલ કરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં સિગ્નલ ફેલિયર અથવા માનવીય ભૂલને અકસ્માતનું કારણ માનવામાં આવી રહ્યું છે, પરંતુ વિગતવાર તપાસ માટે એક ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે. રેલ મંત્રીએ અકસ્માત પર દુઃખ વ્યક્ત કરતાં મૃતકોના પરિવારજનોને વળતર આપવાની જાહેરાત કરી છે.

### હવાઈ મુસાફરી માટે મોટા ફેરફાર

# હવાઈ મુસાફરો ટૂંક સમયમાં બુકિંગના ૪૮ કલાકની અંદર તેમની ટિકિટ રદ કરી શકશે

### નવા પ્રસ્તાવમાં મુસાફરોને બુકિંગ બાદ ૪૮ કલાકનો લુક-ઇન સમયગાળો મળશે, જે દરમિયાન તેઓ કોઈપણ નોંધપાત્ર ફી લીધા વિના તેમની ટિકિટ કેન્સલ કરી શકે છે

નવી દિલ્હી,તા.૪

જો તમે હવાઈ મુસાફરી કરો છો, તો આ સમાચાર તમારા માટે મહત્ત્વના છે. નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયે (DGCA) હવાઈ મુસાફરીમાં કેટલાક નિયમોમાં સુધારો કરવાની તૈયારી કરતાં પ્રસ્તાવ રજૂ કર્યો છે. આ મહત્વપૂર્ણ ફેરફારો હેઠળ, હવાઈ મુસાફરો ટૂંક સમયમાં બુકિંગના ૪૮ કલાકની અંદર તેમની ટિકિટ રદ કરી શકશે અથવા ફેરફાર કરી શકશે, અને તે પણ કોઈપણ વધારાના શુલ્ક વિના. આ પ્રસ્તાવમાં રિફંડ સંબંધિત મહત્વપૂર્ણ વિગતો પણ સામેલ છે.

એવિએશન રેગ્યુલેટર DGCA એ એક પ્રસ્તાવ રજૂ કર્યો છે જેમાં ફ્લાઈટ ટિકિટ કેન્સલેશન અને રિફંડ સંબંધિત નિયમોમાં ફેરફારનો સમાવેશ થાય છે. DGCA ના પ્રસ્તાવ હેઠળ, હવાઈ મુસાફરોને ટૂંક સમયમાં બુકિંગના ૪૮ કલાકની અંદર કોઈપણ વધારાના શુલ્ક વિના તેમની ટિકિટ કેન્સલ કરવાની અથવા મુસાફરીની તારીખ બદલવાની મંજૂરી આપવામાં આવી શકે છે. પ્રસ્તાવ મુજબ, ટિકિટ કેન્સલ થયા પછી રિફંડની રકમ એરલાઈનના ક્રેડિટ શેલ/વોલેટમાં જમા કરવાની પસંદગી મુસાફરની રહેશે, ડિફોલ્ટ પ્રથા અનુસરવામાં આવશે નહીં.

નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA) એ રિફંડ અને કેન્સલેશન અંગે હવાઈ મુસાફરોને લાંબા સમયથી નડતી મુશ્કેલીઓને સરળ બનાવવા માટે આ ડ્રાફ્ટ નિયમો જારી કર્યા છે. નવા પ્રસ્તાવમાં મુસાફરોને બુકિંગ બાદ ૪૮ કલાકનો 'લુક-ઈન' સમયગાળો મળશે, જે દરમિયાન તેઓ કોઈપણ નોંધપાત્ર ફી લીધા વિના તેમની ટિકિટ કેન્સલ કરી શકે છે અથવા તેમાં ફેરફાર કરી શકે છે. હાલમાં, વિવિધ એરલાઈન્સ ટિકિટ કેન્સલ કરવા માટે પોતાની નિર્ધારિત ફી વસૂલે છે.

DGCA એ ટિકિટ રદ કરવા અને રિફંડના નિયમોમાં ફેરફારનો પ્રસ્તાવ મૂક્યો છે. જો ટિકિટ ટ્રાવેલ એજન્ટ/પોર્ટલ દ્વારા ખરીદવામાં આવી હોય, તો પણ એરલાઈન્સ રિફંડ માટે જવાબદાર રહેશે. આવા એજન્ટો એરલાઈન્સના નિયુક્ત પ્રતિનિધિઓ છે. એરલાઈન્સ ખાતરી કરશે કે રિફંડ પ્રક્રિયા ૨૧ કાર્યકારી દિવસોમાં પૂર્ણ થાય.

ફ્લાઈટ ટિકિટ રિફંડ સંબંધિત નાગરિક ઉડ્ડયન આવશ્યકતાઓ (CAR) માં આ ફેરફારો કરવામાં આવી રહ્યા છે. ૩૦ નવેમ્બર સુધી તેના માટે ભલામણો માંગવામાં આવી છે. હવાઈ મુસાફરો અને ગ્રાહક અધિકાર જૂથો લાંબા સમયથી છેલ્લી ઘડીના ફેરફારો માટે વસૂલવામાં આવતાં ઊંચા ચાર્જની ટીકા કરી રહ્યા છે. તેને તેઓ હિડન પેનલ્ટી તરીકે ઓળખાવી રહ્યા છે. આ સમસ્યાઓને ધ્યાનમાં રાખીને DGCAનું આ પગલું અર્થપૂર્ણ ઉકેલ લાવી શકે છે. જોકે આ સુધારો હજુ ડ્રાફ્ટ તબક્કામાં છે, તેના અમલીકરણથી ભારતીય પ્રવાસીઓ એરલાઈન ટિકિટિંગ સિસ્ટમમાં કેવા ફેરફારો આવશે તે જોવાનું રહેશે.

### ભારતમાં ધનિકોની સંપત્તિ વધી

# ભારતમાં ટોચના ૧ ટકા અમીરોની સંપત્તિમાં ૨૩ વર્ષમાં ૬૨ ટકાનો ઉછાળો

### છેલ્લા ૨૪ વર્ષમાં વિશ્વમાં સર્જાયેલી નવી સંપત્તિમાં ટોચના ૧ ટકા ધનિકોનો હિસ્સો ૪૧ ટકા રહ્યો છે

નવીદિલ્હી,તા.૪

વિશ્વમાં આવકની અસમાનતા વધી રહી હોવાનો એક ચોંકાવનારો રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો છે. દક્ષિણ આફ્રિકાની જી૨૦ અધ્યક્ષતા હેઠળ રચાયેલી સમિતિ દ્વારા તૈયાર આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, છેલ્લા ૨૪ વર્ષમાં વિશ્વમાં સર્જાયેલી નવી સંપત્તિમાં ટોચના ૧ ટકા ધનિકોનો હિસ્સો ૪૧ ટકા રહ્યો છે. જેમાં ભારતના સૌથી વધુ સંપત્તિ ધરાવતા ૧ ટકા ધનિકોની સંપત્તિ ૬૩ ટકા વધી છે. નોબલ પુરસ્કાર વિજેતા જોસેફ સ્ટિગ્લિટ્‌જના નેતૃત્વમાં હાથ ધરાયેલા અભ્યાસમાં આગાહી કરવામાં આવી હતી કે, વૈશ્વિક અસમાનતા સંકટના સ્તર પર પહોંચી છે, જેનાથી લોકશાહી, આર્થિક સ્થિરતા અને જળવાયુ વિકાસ પર જોખમ વધ્યું છે. વૈશ્વિક અસમાનતા પર સ્વતંત્ર તજજ્ઞોની જી૨૦ અસાધારણ સમિતિએ જણાવ્યું કે, વૈશ્વિક સ્તર પર ૨૦૦૦થી ૨૦૨૪ દરમિયાન થયેલા કુલ સંપત્તિ સર્જનમાં ૪૧ ટકા હિસ્સો સૌથી ધનિક ૧ ટકા વસ્તીનો રહ્યો હતો. જ્યારે નિમ્ન વર્ગની આવક ધરાવતા વસ્તીનો તેમાં માત્ર ૧ ટકા હિસ્સો રહ્યો હતો. આ સમિતિમાં અર્થશાસ્ત્રી જયતિ ઘોષ, વિની બયાનીમા અને ઈમરાન વાલોદિયા સામેલ છે.

રિપોર્ટ અનુસાર, આંતર-દેશીય અસમાનતામાં ઘટાડો નોંધાયો છે. ચીન અને ભારત જેવા વધુ વસ્તી ધરાવતા દેશોની માથાદીઠ આવક વધી છે. ગ્લોબલ જીડીપીમાં હાઈ ઈક્મ ધરાવતા દેશોનો હિસ્સો ઘટ્યો છે. ભારતમાં વર્ષ ૨૦૦૦થી ૨૦૨૩ દરમિયાન સૌથી વધુ ધનિક ૧ ટકા વસ્તીની સંપત્તિમાં હિસ્સો ૬૩ ટકા વધ્યો છે. ચીનમાં આ આંકડો ૫૪ ટકા રહ્યો છે.વૈશ્વિક સ્તરે આવકની અસમાનતા પર નજર રાખવા અને નીતિ નિર્માણમાં માર્ગદર્શન માટે જળવાયુ પરિવર્તન પર આંતર-સરકારી સમિતિ (આઈપીસીસી)ના આધાર પર એક આંતરરાષ્ટ્રીય અસમાનતા સમિતિ (આઈપીઆઈ)ની રચનાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે. દક્ષિણ આફ્રિકાની જી૨૦ની અધ્યક્ષતા હેઠળ ઘડાનારી આ સમિતિ સરકારને અસમાનતાના આંકડા અને તેના કારણો વિશે માહિતી ઉપલબ્ધ કરાવશે. વધુ પડતી આવકની અસમાનતા ધરાવતા દેશોમાં સમાન દેશોની તુલનાએ લોકતંત્રના પતનની સંભાવના સાતગણી વધુ છે.

વર્ષ ૨૦૨૦થી વૈશ્વિક સ્તરે ગરીબીમાં ઘટાડો થયો છે, અમુક ક્ષેત્રોમાં સ્થિતિ અત્યંત કથળી છે. ૨.૩ અબજ લોકો મધ્યમ અને ગંભીર ખાદ્ય અસુરક્ષાનો સામનો કરી રહ્યા છે. વર્ષ ૨૦૧૯થી ૩૩.૫ કરોડથી વધુ લોકો ભૂખમરોનો સામનો કરી રહ્યા છે. વિશ્વની અડધી વસ્તી આજે પણ આવશ્યક પ્રાથમિક આરોગ્ય સેવાઓથી વંચિત છે. ૧.૩ અબજ લોકો ઓછી આવક અને સ્વાસ્થ્ય સંબંધિત ખર્ચના કારણે ગરીબીમાં જીવી રહ્યા છે.

### રોહડૂમાં દલિત વિદ્યાર્થી પર અત્યાચાર

# શિમલામાં ૮ વર્ષના દલિત વિદ્યાર્થીના પેન્ટમાં વીંછી નાખ્યો

### શિક્ષકોએ આ મામલો ગુપ્ત રાખવા માટે વિદ્યાર્થી અને તેના પિતાને ધમકી પણ આપી હતી

હિમાચલ પ્રદેશ,તા.૪

હિમાચલ પ્રદેશની એક સરકારી શાળામાં દલિત વિદ્યાર્થી પર અત્યાચારનો મામલો સામે આવ્યો છે, જેમાં આચાર્ય સહિત ત્રણ શિક્ષકો પર બાળકને માર મારવા અને તેના પેન્ટમાં વીંછી નાખવાનો આરોપ છે. શિક્ષકોએ આ મામલો ગુપ્ત રાખવા માટે વિદ્યાર્થી અને તેના પિતાને ધમકી પણ આપી હતી.શિમલા જિલ્લાના રોહડૂના ખડાપાની વિસ્તારની સરકારી પ્રાથમિક શાળામાં આ ઘટના બની છે. શાળાના ધોરણ-૧ના ૮ વર્ષીય દલિત બાળકના પિતાએ આચાર્ય દેવેન્દ્ર અને શિક્ષકો બાબુ રામ તથા ક્રિતિકા ઠાકુર વિરુદ્ધ કેસ નોંધાવ્યો છે, જેમાં તેઓ લગભગ એક વર્ષથી તેમના પુત્રને માર મારતા હોવાનો આરોપ છે. ફરિયાદીએ જણાવ્યું કે સતત માર મારવાથી બાળકના કાનમાંથી લોહી નીકળ્યું અને કાનનો પડદો ક્ષતિગ્રસ્ત થયો. વધુમાં, શિક્ષકો બાળકને શૌચાલયમાં લઈ જઈને તેના પેન્ટમાં વીંછી નાખી દીધો હતો.ફરિયાદ મળ્યા બાદ પોલીસે શિક્ષકો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૨૭(૨) (ખોટી રીતે બંધક બનાવવો), ૧૧૫(૨) (ઈરાદાપૂર્વક ઈજા પહોંચાડવી), ૩૫૧(૨) (ગુનાહિત ધમકી), ૩(૫) (સમાન ઈરાદાથી ગુનાહિત કૃત્ય કરવું) અને કિશોર ન્યાય અધિનિયમ હેઠળ બાળક પ્રત્યે ક્રૂરતાનો કેસ દાખલ કર્યો છે. શિક્ષકો પર અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમો હેઠળ પણ આરોપ લગાવવામાં આવ્યા છે. પોલીસે જણાવ્યું કે આ તપાસ કોઈ રાજપત્રિત અધિકારી દ્વારા કરાવવામાં આવે તે માટે વરિષ્ઠ અધિકારીઓને નિર્દેશ મોકલવામાં આવી રહ્યો છે.પીડિત વિદ્યાર્થીના પિતાના જણાવ્યા અનુસાર, શિક્ષકોએ બાળકને એવું કહીને ધમકાવ્યો હતો કે જો તે ઘરે ફરિયાદ કરશે તો તેની ધરપકડ કરાવી દેવામાં આવશે. તેમણે જણાવ્યું કે ૩૦ ઓક્ટોબરના રોજ આચાર્યએ કથિત રીતે બાળકને શાળામાંથી કાઢી મૂકવાની ધમકી આપી હતી. તેમણે કહ્યું કે જો આ મામલો સાર્વજનિક કરવામાં આવ્યો તો ફરિયાદીના પરિવારને ગંભીર પરિણામો ભોગવવા પડશે અને તેમને એવું કહીને ધમકાવ્યા કે અમે તમને સળગાવી દઈશું.બાળકના પિતાને પણ ચેતવણી આપવામાં આવી હતી કે તેઓ પોલીસમાં ફરિયાદ ન નોંધાવે અને સોશિયલ મીડિયા પર ઘટના વિશે પોસ્ટ ન કરે, નહીં તો તેમને પોતાના જીવથી હાથ ધોવા પડશે. ફરિયાદીએ એવો પણ આરોપ લગાવ્યો છે કે ક્રિતિકા ઠાકુરના પતિ નીતીશ ઠાકુર છેલ્લા એક વર્ષથી તેમની જગ્યાએ ગેરકાયદેસર રીતે શાળામાં વિદ્યાર્થીઓને ભણાવી રહ્યા છે.

તેમણે શાળાના શિક્ષકો પર જાતિગત ભેદભાવનો પણ આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે ભોજન દરમિયાન નેપાળી અને દલિત વિદ્યાર્થીઓને રાજપૂત વિદ્યાર્થીઓથી અલગ બેસાડવામાં આવતા હતા.

### કેનેડાએ ઈમિગ્રેશન નીતિ કડક કરી

# કેનેડાએ ઈમિગ્રેશન નીતિ કડક કરતાં ભારતીય વિદ્યાર્થીઓની મુશ્કેલી વધી

### કેનેડામાં ઘૂસ મારવા માટે કરવામાં આવતી છેતરપિંડીને રોકવા માટે સખત બનાવવામાં આવેલી ઇમિગ્રેશન નીતિને કારણે આમ થયું છે

કેનેડા,તા.૪

કેનેડામાં ભારતીય વિદ્યાર્થીઓ માટે શિક્ષણ પરમિટ મેળવવાની પ્રક્રિયા હવે પહેલાં કરતાં વધુ જટિલ બની ગઈ છે. તાજા ઈમિગ્રેશન આંકડાઓ દર્શાવે છે કે, ઓગસ્ટ ૨૦૨૫ મહિનામાં ભારતીય વિદ્યાર્થીઓની ૭૪ ટકા સ્ટડી વિઝા અરજીઓને નકારવામાં આવી હતી. આ આંકડો બે વર્ષ પહેલાંના દર કરતાં બમણાથી પણ વધારે છે. કેનેડામાં ઘૂસ મારવા માટે કરવામાં આવતી છેતરપિંડીને રોકવા માટે સખત બનાવવામાં આવેલી ઈમિગ્રેશન નીતિને કારણે આમ થયું છે.એક સમય હતો જ્યારે શિક્ષણ, રોજગાર અને સ્થાયી નિવાસ કરવા ઈચ્છુક વિદેશીઓ માટે કેનેડા સૌથી પસંદગીનું સ્થળ હતું. પરંતુ ઈમિગ્રન્ટ્સના ઓચિંતા વધારા અને સિસ્ટમ પર આવેલા દબાણને કારણે કેનેડાની સરકારે પોતાની નીતિમાં બદલાવ કરવાનું શરૂ કર્યું છે. નીતિઓનો અયોગ્ય લાભ લેવાની ઘટનાઓમાં વધારો થતાં ઈમિગ્રેશન વિભાગે કડક પગલાં લેવાની ફરજ પડી છે. આ બધાં પરિબળોને કારણે હવે ઈમિગ્રન્ટ્સનું કેનેડા પ્રત્યેનું આકર્ષક ઘટી ગયું છે.

કેનેડા દ્વારા ફક્ત અસ્વીકૃતિનો દર જ નથી વધ્યો, ભારતીય વિદ્યાર્થીઓ દ્વારા મોકલવામાં આવતી અરજીઓની સંખ્યામાં પણ તીવ્ર ઘટાડો નોંધાયો છે. ઓગસ્ટ ૨૦૨૩માં ૨૦,૯૦૦ જેટલી અરજીઓ હતી, તે સંખ્યા ઓગસ્ટ ૨૦૨૫માં ઘટીને માત્ર ૪,૫૧૫ રહી ગઈ હતી. આ ઘટાડો સૂચવે છે કે ભારતીય વિદ્યાર્થીઓમાં કેનેડા પ્રત્યેનું આકર્ષણ અને ત્યાં અભ્યાસ કરવાની સંભાવના બંને ઘટી રહી છે. અલબત્ત, હજુ પણ કેનેડાના વિઝા માટેના અરજદારોના લિસ્ટમાં ભારતીયો જ પહેલા નંબરે છે. એ જ રીતે અરજીની અસ્વીકૃતિ પણ સૌથી વધુ ભારતીયો જ પામે છે.

ઈમિગ્રેશન રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC)ના અહેવાલ અનુસાર, ઓગસ્ટ ૨૦૨૫માં કેનેડા પહોંચનારા નવા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ૨૦૨૪ની સરખામણીમાં ૪૩.૧% નો ઘટાડો થયો છે. આ ફેરફાર માત્ર એક મહિનાનો નથી, પણ એક વ્યાપક ટ્રેન્ડ સૂચવે છે. ઓગસ્ટ ૨૦૨૪માં ૭૯,૭૯૫ નવા વિદ્યાર્થીઓ દાખલ થયા હતા, જે ઓગસ્ટ ૨૦૨૫માં ઘટીને ૪૫,૩૮૦ થઈ ગયા હતા. જાન્યુઆરીથી ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન ૨૦૨૪ની સરખામણીમાં લગભગ ૧૩૨,૫૦૫ ઓછા વિદ્યાર્થીઓએ કેનેડા પ્રવેશ કર્યો હતો. ઈઝઝ એ ૨૦૨૫ માટે ૩૦૫,૯૦૦ નવા વિદ્યાર્થીઓનો લક્ષ્યાંક રાખ્યો હતો, પરંતુ જાન્યુઆરી અને ઓગસ્ટ વચ્ચે આવનારા વિદ્યાર્થીઓની સંખ્યા માત્ર ૨૯.૨૪% હતી.

નવા વર્ક પરમિટ ધારકોની સંખ્યા, એટલે કે જેઓ કામ કરવા માટે કેનેડા આવે છે, તેમની સંખ્યા પણ પ્રભાવિત થઈ છે. ઓગસ્ટ ૨૦૨૫માં નવા વર્ક પરમિટ ધારકોની સંખ્યા ઘટીને ૧૬,૮૯૦ થઈ ગઈ હતી. જાન્યુઆરીથી ઓગસ્ટ સુધીમાં કુલ ૨૪૩,૯૪૫ વિદ્યાર્થીઓ અને કામચલાઉ કામદારો કેનેડા પહોંચ્યા હતા, જે ગયા વર્ષની સરખામણીમાં ૨૭૮,૯૦૦ જેટલા ઓછા છે.

●નીતિગત પરિવર્તનઃ કેનેડા સરકારે કામચલાઉ રહેવાસીઓની સંખ્યા કુલ વસ્તીના ૫% થી ઓછી રાખવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે.

●સખત ચકાસણી પ્રક્રિયાઃ અરજી પ્રક્રિયા ધીમી પડી છે અને નવા નિયમો હેઠળ દસ્તાવેજોની ચકાસણી વધુ સખત બનાવવામાં આવી છે.

●છેતરપિંડી વિરુદ્ધ કાર્યવાહીઃ છેલ્લા એક વર્ષમાં કેનેડિયન અધિકારીઓએ શિક્ષણ ક્ષેત્રે થતી છેતરપિંડી સામે કાર્યવાહી કરવા પર ભાર મૂક્યો છે. ૨૦૨૩માં ૧,૫૫૦ બનાવટી અરજીઓ શોધી કાઢવામાં આવી હતી, જેમાંની મોટાભાગની ભારતીયો દ્વારા કરવામાં આવી હતી. ૨૦૨૪માં શરૂ કરવામાં આવેલી નવી સ્ક્રીનીંગ પ્રણાલીએ વિશ્વભરમાંથી ૧૪,૦૦૦થી વધુ શંકાસ્પદ વિઝા અરજીઓ ઓળખી કાઢી હતી.●વિદ્યાર્થીઓની પસંદગીમાં ફેરફારઃ નિષ્ણાતોનું માનવું છે કે કેનેડાની નીતિઓ કડક થતાં વિદ્યાર્થીઓ હવે અન્ય દેશોમાં જવા માટે ધ્યાન આપી રહ્યા છે, જેના કારણે પણ કેનેડાની વિઝા અરજીઓમાં ઘટાડો થયો છે.

### અમદાવાદના ટુરિઝમ ક્ષેત્ર માટે ગૌરવની બાબત

# અમદાવાદના અટલ બ્રિજની 3 વર્ષમાં ૭૮ લાખ પ્રવાસીઓએ લીધી મુલાકાત

### અટલ ફૂટઓવર બ્રિજ આધુનિક આર્કિટેક્ચર, ગુજરાતી સંસ્કૃતિ અને નગરસૌંદર્યનું જીવંત પ્રતીક છે

અમદાવાદ, તા.૪

ભારતના પહેલા હેરિટેજ સિટી અમદાવાદમાં સાબરમતી નદી પર નિર્મિત આઈકોનિક અટલબ્રિજ અમદાવાદના નગરવાસીઓ સહિત દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. દિવાળી વેકેશન હોય કે ઉનાળાનું વેકેશન, આ અટલ ફૂટ ઓવર બ્રિજ લોકો માટે ફરવાનું ફેવરિટ ડેસ્ટિનેશન બની ગયો છે. સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કૉર્પોરેશન લિમિટેડ (SRFDCL) દ્વારા આપવામાં આવેલા તાજેતરના આંકડા મુજબ, ૩૧મી ઓગસ્ટ, ૨૦૨૨ થી ઓક્ટોબર ૨૦૨૫ સુધીના સમયમાં કુલ ૭૭,૭૧,૨૬૯ લોકોએ અટલ બ્રિજની મુલાકાત લીધી છે. આ દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ૨૭.૭૦ કરોડ રૂપિયાથી વધુની આવક પણ થઈ છે, જે અમદાવાદના ટુરિઝમ ક્ષેત્ર માટે ગૌરવની બાબત છે.અમદાવાદ ગુજરાતનું સૌથી અદ્યતન શહેર છે, જે આધુનિકીકરણ સાથે જૂના વારસાને પણ સાચવીને બેઠું છે. શહેરની મુલાકાતે આવતા પ્રવાસીઓને એક અભૂતપૂર્વ અનુભવ પ્રદાન કરવા માટે વિવિધ પ્રવાસન આકર્ષણોનો વિકાસ કરવામાં આવ્યો છે. ગાંધી આશ્રમ, સાબરમતી રિવરફ્રન્ટ, કાંકરિયા લેકફ્રન્ટ, વિશ્વનું સૌથી મોટું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, અમદાવાદ શહેરની જૂની પોળ સંસ્કૃતિ, અમદાવાદ હેરિટેજ વૉક વગેરે પ્રવાસન આકર્ષણોની મુલાકાત લેવા લાખો પ્રવાસીઓ અમદાવાદ આવે છે. તેમાં પણ અટલ ફૂટઓવર બ્રિજ આધુનિક આર્કિટેક્ચર, ગુજરાતી સંસ્કૃતિ અને નગરસૌંદર્યનું જીવંત પ્રતીક છે. SRFDCLએ અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન (AMC)ની કંપની છે અને અટલ બ્રિજનું બાંધકામ આ કંપની દ્વારા કરવામાં આવ્યું છે. SRFDCL દ્વારા આપવામાં આવેલા વર્ષવાર આંકડાઓની વિગતવાર વાત કરીએ તો, ૩૧મી ઓગસ્ટ ૨૦૨૨થી માર્ચ ૨૦૨૩ દરમિયાન ૨૧.૬૨ લાખ પ્રવાસીઓએ અટલ બ્રિજની મુલાકાત લીધી હતી, જેનાથી ૬.૪૪ કરોડ રૂપિયા આવક થઈ હતી. એપ્રિલ ૨૦૨૩થી માર્ચ ૨૦૨૪ દરમિયાન ૨૬.૮૯ લાખ મુલાકાતીઓ થકી ૮.૨૪ કરોડ રૂપિયાની તેમજ એપ્રિલ ૨૦૨૪થી માર્ચ ૨૦૨૫ દરમિયાન ૨૦.૬૭ લાખ મુલાકાતીઓ થકી ૮.૧૯ કરોડ રૂપિયાની આવક થઈ હતી. એપ્રિલ ૨૦૨૫થી ઑક્ટોબર ૨૦૨૫ સુધીમાં ૮.૫૧ લાખ મુલાકાતીઓ અટલ બ્રિજની મુલાકાત લઈ ચૂક્યા છે, જેનાથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ૪.૮૨ કરોડ રૂપિયાની આવક થઈ છે.

# ભારતને UNSCમાં સામેલ કરો નહીંતર નબળું થશે રહેશે સંયુક્ત રાષ્ટ્ર

### સંયુક્ત રાષ્ટ્ર નબળું પડી જશે તેમણે યુએનએસસીમાં ભારતનો સમાવેશ કરવાની કડક શબ્દોમાં હિમાયત કરી છે

નવી દિલ્હી,તા.૪

ફિનલેન્ડના રાષ્ટ્રપ્રમુખ એલેક્ઝાન્ડર સ્ટબે ભારતની તરફેણમાં મહત્ત્વનું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે, 'જો ભારતને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)માં સામેલ નહીં કરવામાં આવે તો સંયુક્ત રાષ્ટ્ર નબળું પડી જશે. તેમણે યુએનએસસીમાં ભારતનો સમાવેશ કરવાની કડક શબ્દોમાં હિમાયત કરી છે.મીડિયા રિપોર્ટ મુજબ ફિનલેન્ડના રાષ્ટ્રપ્રમુખે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વિદેશ મંત્રી એસ.જયશંકર નો ઉલ્લેખ કરીને કહ્યું છે કે, 'વૈશ્વિક સ્થિરતા જાળવી રાખવામાં અને વૈશ્વિક વિકાસમાં ભારતની ભૂમિકા ખૂબ મહત્ત્વની છે.એલેક્ઝાન્ડર સ્ટબે કહ્યું કે, 'હું ભારતનો ખૂબ મોટા પ્રશંસક છું અને મને લાગે છે કે અમેરિકા અને ચીન સાથે ભારત આપણો આગામી સુપરપાવર હશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી હોય કે વિદેશ મંત્રી જયશંકર, વર્તમાનમાં ભારત જે કરી રહ્યું છે, તેમાં વ્યૂહાત્મક વિચારધારાની ઝલક જોવા મળે છે, જેના કારણે વિશ્વભરમાં તેઓને સન્માન મળે છે.'તેમણે કહ્યું કે, 'મેં યુએનની મહાસભામાં બે વખત આ વાત કહી છે. હું સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનો વિસ્તાર વધે, તેવું ઈચ્છું છું, તેમાં સભ્ય સંખ્યા ઓછામાં ઓછી બમણી થવી જોઈએ. ભારત જેવા દેશો સુરક્ષા પરિષદમાં ન હોય તે ખોટું છે. લેટિન અમેરિકામાંથી એક, આફ્રિકામાંથી બે અને એશિયામાંથી બે સભ્યોને આમાં સામેલ કરવા જોઈએ.'

# બોયફ્રેન્ડ સામે જ યુવતી પર 3 નરાધમોએ સામૂહિક દુષ્કર્મ આચર્યું

તમિલનાડુ,તા.૪

તમિલનાડુના કોઈમ્બતુરમાં કોલેજની વિદ્યાર્થિની પર સામૂહિક દુષ્કર્મ આચરવાના કેસમાં ફરાર થયેલા ત્રણ આરોપીઓને સોમવારે પોલીસે એન્કાઉન્ટર બાદ ઝડપી પાડ્યા છે. આરોપીઓએ પોલીસ ટીમ પર હુમલો કરવાનો પ્રયાસ કરતાં પોલીસે સ્વબચાવમાં ગોળીબાર કરવો પડ્યો હતો, જેમાં ત્રણેય આરોપીઓના પગમાં ગોળી વાગી હતી. પોલીસ ટીમ દુષ્કર્મ કેસના આરોપીઓની શોધમાં હતી. જ્યારે પોલીસે આરોપીઓને એક મંદિર પાસે ઘેરી લીધા, ત્યારે ત્રણેયે તેમના પર દાતરડાં વડે હુમલો કર્યો. આ હુમલામાં હેડ કોન્સ્ટેબલ ચંદ્રશેખરને ડાબા હાથ અને કાંડામાં ઈજા થઈ હતી. પોલીસે સ્વબચાવમાં જવાબી કાર્યવાહી કરતાં ગોળીબાર કર્યો, જેના પરિણામે ત્રણેય આરોપીઓના પગમાં ઈજા થઈ હતી. ત્યારબાદ પોલીસે તેમની ધરપકડ કરી અને તેમને કોઈમ્બતુર જિલ્લા સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઈજાગ્રસ્ત પોલીસકર્મીને પણ સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે.ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ થવાસી, કરુપ્પાસ્વામી અને કાલીશ્વરન તરીકે થઈ છે. ત્રણેય આરોપીઓ શિવગંગાઈ જિલ્લાના રહેવાસી છે અને કોઈમ્બતુરમાં એક કન્સ્ટ્રક્શન કંપનીમાં કામ કરતા હતા.દુષ્કર્મની આ ગંભીર ઘટના રવિવારે (બીજી નવેમ્બર) રાત્રે બની હોવાના અહેવાલ છે. પીડિતા કોલેજની વિદ્યાર્થિની છે અને તે બોયફ્રેન્ડ સાથે કારમાં બહાર ગઈ હતી. રાત્રિભોજન પછી તેઓ એકાંત વિસ્તારમાં હતા. આ દરમિયાન રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ, ત્રણ અજાણ્યા શખસોએ તેમની પાર્ક કરેલી કાર પર પથ્થર ફેંકીને વિન્ડશિલ્ડ તોડી નાખ્યું હતું. હુમલાખોરોએ બોયફ્રેન્ડને બહાર ખેંચીને છરી બતાવી ધમકી આપી અને પ્રતિકાર કરવા બદલ તેને માર માર્યો, જેનાથી તેને માથામાં ગંભીર ઈજાઓ થઈ. ત્યારબાદ હુમલાખોરોએ વિદ્યાર્થિનીને બળજબરીથી કારમાંથી બહાર કાઢી અને એરપોર્ટથી લગભગ એક કિલોમીટર દૂર મોટર-રૂમ જેવા શેડમાં લઈ જઈને તેની પર સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. પીડિતાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. આ ઘટનાથી સમગ્ર તમિલનાડુમાં આક્રોશ ફેલાયો છે.આ મામલાએ રાજ્યના રાજકારણમાં પણ ગરમાવો લાવી દીધો છે. AIADMKના મહાસચિવ ઈ. પલાનીસ્વામીએ (E. Palaniswami) શાસક દ્રમુક સરકાર પર નિશાન સાધતા કહ્યું કે, 'દ્રમુકના શાસનમાં મહિલાઓની સલામતી સંપૂર્ણપણે જોખમમાં છે. AIADMKના શાસન દરમિયાન, તમિલનાડુ દેશનું સૌથી સુરક્ષિત રાજ્ય હતું, જ્યાં મહિલાઓ ભય વગર રહેતી હતી.'

# અમદાવાદમાં મણિનગરમાં ચાલતા દેહવેપારના રેકેટનો પર્દાફાશ થયો

### રાજદીપ ડ્રીમ કોમ્પ્લેક્ષના ત્રીજા માળે ચાલતા 'ઓશનિક સ્પા'માં પૈસાના બદલામાં ગ્રાહકોને જાતીય સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે

અમદાવાદ, તા.૪

અમદાવાદના મણિનગર વિસ્તારમાં બોડી મસાજ પાર્લરની આડમાં ચાલતા હાઈ-પ્રોફાઈલ દેહવ્યાપારના રેકેટનો અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની એન્ટી-હ્યુમન ટ્રાફિકિંગ યુનિટે (AHTU) પર્દાફાશ કર્યો છે. સોમવારે સાંજે 'ઓશનિક સ્પા' પર પાડવામાં આવેલા દરોડામાં પોલીસે સ્પાના મેનેજરની ધરપકડ કરી હતી અને અન્ય રાજ્યોમાંથી લાવવામાં આવેલી પાંચ મહિલાઓને બચાવી લીધી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર AHTUને બાતમી મળી હતી કે મણિનગરના કાંકરિયા તળાવ પાસે આવેલા રાજદીપ ડ્રીમ કોમ્પ્લેક્ષના ત્રીજા માળે ચાલતા 'ઓશનિક સ્પા'માં પૈસાના બદલામાં ગ્રાહકોને જાતીય સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

આ બાતમીના આધારે પોલીસે એક ડમી ગ્રાહક તૈયાર કરી ઓપરેશન ગોઠવ્યું હતું. એક પોલીસ અધિકારી અને ટીમે ડમી ગ્રાહકને રૂ.૫૦૦ના દરની ચિહ્નિત નોટો આપીને સ્પામાં મોકલ્યો હતો. ગ્રાહકને સૂચના આપવામાં આવી હતી કે તે જાતીય સેવાઓ માટે વાટાઘાટ કરે અને સોદો નક્કી થતાં જ પોલીસને સંકેત આપે. ડમી ગ્રાહકનો સંકેત મળતા જ પોલીસ ટીમે તાત્કાલિક સ્પામાં દરોડો પાડ્યો હતો અને મેનેજર રાજેશ મનીશેખ શેખ (ઉંમર ૩૨) ને ઝડપી પાડ્યો હતો. રાજેશ મૂળ પશ્ચિમ બંગાળનો વતની છે અને છેલ્લા ત્રણ વર્ષથી આ સ્પા ચલાવી રહ્યો હોવાનું જાણવા મળ્યું છે. પૂછપરછમાં તેણે કબૂલ્યું કે સ્પાનો માલિક મહારાષ્ટ્રના નવી મુંબઈ (વાશી) ખાતે રહેતો ભીમસિંહ કબીર નાયક છે.દરોડા દરમિયાન પોલીસને સ્પાના પરિસરમાંથી પાંચ મહિલાઓ મળી આવી હતી. જેઓ અમદાવાદ, દિલ્હી અને ઉત્તર પ્રદેશની રહેવાસી છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું કે આ મહિલાઓને રાજ્ય બહારથી નોકરી પર રાખવામાં આવી હતી અને મેનેજર દ્વારા તેમને પ્રત્યેક ગ્રાહક દીઠ રૂ.૫૦૦ ચૂકવવામાં આવતા હતા. મહિલાઓને દરરોજ સવારે ૧૧ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી કામ કરવાની ફરજ પડાતી હતી.

પોલીસે સ્થળ પરથી ડમી ગ્રાહકે આપેલા ૧,૫૦૦ રોકડા અને સીસીટીવી ફૂટેજ રેકોર્ડ કરવા માટેનું એક ડીવીઆર જપ્ત કર્યું છે. પોલીસે મેનેજર રાજેશ શેખની ધરપકડ કરી છે, જ્યારે ફરાર માલિક ભીમસિંહ કબીર નાયકને શોધી કાઢવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. બચાવી લેવાયેલી તમામ પાંચ મહિલાઓને કાઉન્સેલિંગ અને તબીબી તપાસ માટે મોકલી આપવામાં આવી છે.

# જયપુરના હરમારા વિસ્તારમાં એક ઝડપી ગતિએ દોડી રહેલા ડમ્પર ટ્રકે ભારે તબાહી મચાવી

## ફુલ સ્પીડમાં આવી રહેલા ડંપરે સામે આવી રહેલા અનેક ડંપરને ટક્કર મારી હતી જેમાં ૧૪ લોકો માર્યા ગયા

રાજસ્થાન,તા.૪

સોમવારે બપોરે જયપુરના હરમારા વિસ્તારમાં એક ઝડપી ગતિએ દોડી રહેલા ડમ્પર ટ્રકે ભારે તબાહી મચાવી દીધી. ફુલ સ્પીડમાં આવી રહેલા ડંપરે સામે આવી રહેલા અનેક ડંપરને ટક્કર મારી હતી જેમાં ૧૪ લોકો માર્યા ગયા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે કેટલાક લોકોએ પોતાના પગ અને કેટલાકના હાથ ગુમાવ્યા. રસ્તો પણ લોહીથી ખરડાયેલો હતો.પોલીસના જણાવ્યા અનુસાર, ડમ્પર ટ્રક ફુલ સ્પીડે આગળ વધી રહી હતી અને સામે આવી રહેલા અનેક વાહનોને ટક્કર મારી રહી હતી. ઘણા વાહનો કચડાઈ ગયા હતા, અને અન્યને ટક્કર માર્યા બાદ વાહનોને ખેંચીને લઈ ગઈ હતી. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જેમાંથી ઘણાની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.પોલીસના જણાવ્યા અનુસાર, અકસ્માતની થોડી મિનિટો પહેલા જ કાર ચાલક સાથે ઝઘડો થયો હતો. વરિષ્ઠ અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે અકસ્માત બ્રેક ફેઈલ થવાને કારણે થયો ન હતો અને પુષ્ટિ કરી હતી કે ડ્રાઈવર નશામાં હતો. આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ ઉષા યાદવના જણાવ્યા અનુસાર, અકસ્માતના થોડા સમય પહેલા, આરોપી ડમ્પર ચાલકનો કાર ચાલક સાથે ઝઘડો થયો હતો, અને તેમના વાહનો કથિત રીતે અથડાયા હતા. ત્યારબાદ કાર ચાલક બહાર નીકળી ગયો અને ડમ્પર ચાલકને ઠપકો આપ્યો. ગુસ્સે ભરાયેલા ડમ્પર ચાલકે ફરીથી કારને ટક્કર મારી, પરંતુ કાર ચાલકે સમજદારી દાખવી કારને સાઈડ પર રાખી દીધી હતી જેના પછી ડમ્પર ચાલકે ઝડપથી ભાગી ગયો.ઉષા યાદવે સમજાવ્યું કે ઝઘડો હાઈવે પર થયો ન હતો જ્યાં જીવલેણ અકસ્માત થયો હતો, પરંતુ નજીકના રસ્તા પરના વળાંક પર થયો હતો. તેમણે સ્પષ્ટતા કરી કે ડમ્પરની બ્રેક ફેલ થઈ ન હતી, પરંતુ ઝઘડાને કારણે ડ્રાઈવરે ગુસ્સાને કારણે કાબુ ગુમાવ્યો હતો.પોલીસે અહેવાલ આપ્યો છે કે ઘટનાસ્થળેથી ભાગી ગયા પછી, નશામાં ધૂત ડમ્પર ચાલકે પહેલા લોહા મંડી રોડ પર એક સ્કૂટર સવારને ટક્કર મારી, પછી ઓછામાં ઓછા ૧૭ વાહનોને ટક્કર મારી, અને પછી બીજા ટ્રેલર સાથે અથડાયો અને પછી રોકાયો. અકસ્માત એટલો ભયાનક હતો કે ડમ્પર દ્વારા ટક્કર મારનારાઓના મૃતદેહ રસ્તા પર વિખરાયેલા હતા. ડમ્પરના પૈડા નીચે અનેક મોટરસાયકલ કચડી નાખવામાં આવી હતી. ઘણી કાર પણ કચડાઈ હતી. જ્યારે નજીકના લોકોએ તેનો પીછો કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે તે ફરીથી ભાગી ગયો. પોલીસે પુષ્ટિ આપી છે કે ડ્રાઈવર નશામાં હતો.પ્રત્યક્ષદર્શીઓએ આ ઘટનાને "નરસંહાર" ગણાવ્યો હતો. ઘટનાસ્થળે હાજર વધારાના પોલીસ કમિશનર રાજીવ પચારે જણાવ્યું હતું કે ડમ્પર ચાલક બેદરકારીથી વાહન ચલાવી રહ્યો હતો અને એક કારને ટક્કર મારી હતી, ત્યારબાદ સ્થાનિક લોકોએ તેનો પીછો કર્યો હતો. ડ્રાઈવર નશામાં હોવાની શક્યતા અંગે તેમણે કહ્યું, "આરોપી ડ્રાઈવર પોતે ઘાયલ હોવાથી, તબીબી તપાસ પછી જ પરિસ્થિતિ સ્પષ્ટ થશે. પરંતુ અકસ્માતનું સ્વરૂપ ચોક્કસપણે નશાને કારણે અથવા તબીબી કારણને કારણે હોઈ શકે છે."ઝ્રઝ્રફ ફૂટેજમાં ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકથી વધુની ઝડપે દોડતી ડમ્પર ટ્રક વાહનોને ટક્કર મારી રહી છે અને મોટરસાયકલ સવારોને કચડી રહી છે. સ્થાનિક લોકોએ ડ્રાઈવરને પકડી લીધો અને પોલીસને સોંપી દીધો. રાજસ્થાનમાં બે દિવસમાં આ બીજો મોટો માર્ગ અકસ્માત છે. રવિવારે, ફલોદી વિસ્તારમાં એક ટેમ્પો ટ્રાવેલર એક સ્થિર ટ્રેલર સાથે અથડાતાં ૧૦ મહિલાઓ અને ચાર બાળકો સહિત ઓછામાં ઓછા ૧૫ લોકો માર્યા ગયા હતા અને બે અન્ય ઘાયલ થયા હતા.

## અકાસા એરની વારાણસીથી મુંબઇ જતી ફ્લાઇટની ઘટના

# ફ્લાઇટમાં એક યાત્રીએ ટેક ઓફ પહેલા જ ઇમરજન્સી એક્ઝિટ ગેટ ખોલવાનો પ્રયાસ કર્યો

## પાયલોટે તાત્કાલિક એર ટ્રાફિક કંટ્રોલ (ATC) ને જાણ કરી અને વિમાનને ટેકઓફ રનવે પરથી એપ્રોન વિસ્તારમાં પાછું લાવ્યું

મુંબઇ,તા.૪

અકાસા એરની વારાણસીથી મુંબઈ જતી ફ્લાઈટમાં એક યાત્રીએ ટેક ઓફ પહેલા જ ઈમરજન્સી એક્ઝિટ ગેટ ખોલવાનો પ્રયાસ કર્યો. જો કે ક્રૂની સતર્કતાને કારણે બનાવ સંભાળી લીધો હતો.

ઘટના વારાણસી એરપોર્ટની છે. જ્યાં સોમવારે સાંજે હડકંપ મચ્યો હતો. વારાણસીથી મુંબઈજતી એકાસા એર ફ્લાઈટમાં એક યાત્રીએ એક્ઝિટ ગેટ ખોલવાની કોશિશ કરી. ત્યારે જ્યારે પ્લેન ટેક ઓફ કરવાની વાર હતી. મુંબઈ જતી અકાસા એરની ફ્લાઈટમાં એક મુસાફરે ટેકઓફ પહેલાં ઈમરજન્સી એક્ઝિટ ગેટ ખોલવાનો પ્રયાસ કર્યો હતો. આ કૃત્યથી અન્ય મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો. ઘટનાને પગલે એરપોર્ટ સુરક્ષાને પણ સતર્ક કરવામાં આવી હતી. પાયલોટે તાત્કાલિક એર ટ્રાફિક કંટ્રોલ (ATC) ને જાણ કરી અને વિમાનને ટેકઓફ રનવે પરથી એપ્રોન વિસ્તારમાં પાછું લાવ્યું. ત્યારબાદ આરોપી મુસાફરની અટકાયત કરવામાં આવી.આ ઘટના અકાસા એરની ફ્લાઈટ QP ૧૪૯૭ માં બની હતી, જે સોમવારે સાંજે ૬:૪૫ વાગ્યે વારાણસીથી મુંબઈ માટે રવાના થવાની હતી. જ્યારે વિમાન રનવે તરફ ટેક્સી કરી રહ્યું હતું, ત્યારે એક મુસાફરે અચાનક ઈમરજન્સી એક્ઝિટ લીવર ખેંચવાનો પ્રયાસ કર્યો. જોકે, ક્રૂની સતર્કતાને કારણે મોટી દુર્ઘટના ટળી ગઈ. કેબિન ક્રૂએ તાત્કાલિક પાઈલટને ચેતવણી આપી, જેમણે વિમાનને રોકવા અને સુરક્ષા તપાસ કરવાનો આદેશ આપ્યો.અકાસા એરના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ૩ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ વારાણસીથી મુંબઈ જતી ફ્લાઈટ QP ૧૪૯૭ માં એક મુસાફરે પાર્કિંગ ૨ પર સ્થિર વિમાનમાં પરવાનગી વિના ઈમરજન્સી એક્ઝિટ દરવાજા કવર ખોલવાનો પ્રયાસ કર્યો હતો. તે વ્યક્તિની ઓળખ કરવામાં આવી હતી, અને માનક ઓપરેટિંગ પ્રોટોકોલ અનુસાર તેને ફ્લાઈટમાંથી ઉતારીને સંબંધિત અધિકારીઓને સોંપવામાં આવ્યો હતો. બધા મુસાફરો અને ક્રૂ સુરક્ષિત છે. જો કે ફ્લાઈટ રવાના થાય તે પહેલાં અમારી એન્જિનિયરિંગ ટીમ દ્વારા વિમાનનું સંપૂર્ણ નિરીક્ષણ અને ક્લિયરન્સ કરવામાં આવ્યું હતું.

# BLO દ્વારા અમદાવાદમાં ઘરે-ઘરે જઈ SIR પ્રક્રિયાનો પ્રારંભ

## અમદાવાદ જિલ્લાના કુલ ૬૨.૫૯ લાખ મતદારોને આ ઝુંબેશ હેઠળ એન્યુમરેશન ફોર્મનું વિતરણ કરવામાં આવશે

અમદાવાદ, તા.૪

ચૂંટણી પંચ દ્વારા 'ગુજરાત સહિત દેશના ૧૨ રાજ્યોમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)' પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે, તેના ભાગરૂપે અમદાવાદ જિલ્લામાં પણ સઘન ઝુંબેશનો પ્રારંભ થયો છે. મતદાર યાદીને સંપૂર્ણપણે ભૂલરહિત બનાવવા અને નવા યુવા મતદારોના નામ ઉમેરવાના મુખ્ય ઉદ્દેશ્ય સાથે આ કામગીરી શરૂ કરાઈ છે. અમદાવાદ જિલ્લાના કુલ ૬૨.૫૯ લાખ મતદારોને આ ઝુંબેશ હેઠળ એન્યુમરેશન ફોર્મનું વિતરણ કરવામાં આવશે.આ પ્રક્રિયા માટે જિલ્લામાં ૫.૫ હજાર (૫,૫૦૦)થી વધુ BLO (બૂથ લેવલ ઓફિસર્સ)ને મહત્ત્વની જવાબદારી સોંપવામાં આવી છે. BLO દ્વારા સોસાયટીઓ અને રહેણાંક વિસ્તારોમાં ઘરે-ઘરે જઈને મતદારોને ફોર્મ વિતરણ કરવામાં આવી રહ્યા છે, જેથી મતદારો સરળતાથી પોતાનું નામ ઉમેરી કે સુધારી શકે. સોસાયટીઓમાં BLO દ્વારા ડોર-ટુ-ડોર જઈને ફોર્મ ૬, ૭, અને ૮ નું વિતરણ કરવામાં આવી રહ્યું છે.આ ઝુંબેશ આગામી ૪ ડિસેમ્બર ૨૦૨૫ સુધી ચાલશે. આ સુધારણા પ્રક્રિયામાં મહિલાઓ, અશક્ત નાગરિકો, દિવ્યાંગો અને વડીલોને કોઈ અગવડ ન પડે તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. તેમને ફોર્મ ભરવામાં સહાય કરવા અને મદદ કરવામાં સહાય કરવા માટે સ્વયંસેવકોની નિયુક્તિ કરવામાં આવી છે. આ સ્વયંસેવકો સુનિશ્ચિત કરશે કે સમાજના તમામ વર્ગોના નાગરિકો મતદાર યાદી સુધારણાની આ પ્રક્રિયામાં સક્રિયપણે ભાગ લઈ શકે અને તેમની વિગતો અપડેટ કરાવી શકે. આ SIR પ્રક્રિયાનો મુખ્ય હેતુ મતદાર યાદીને શક્ય તેટલી સચોટ બનાવવાનો છે, જેથી આગામી ચૂંટણીઓમાં કોઈ પણ લાયક મતદાર પોતાના મતાધિકારથી વંચિત ન રહે. ૧૨ રાજ્યોમાં ચાલી રહેલી આ સઘન ઝુંબેશ એ મતદાર જાગૃતિ અને ચૂંટણી પ્રક્રિયામાં નાગરિકોની ભાગીદારી વધારવાનું એક મહત્ત્વપૂર્ણ પગલું છે. અમદાવાદના નાગરિકોએ પણ BLO ને સહકાર આપીને આ પ્રક્રિયામાં જોડાવું જરૂરી છે, જેથી દરેક વ્યક્તિનું નામ, સરનામું અને અન્ય વિગતો યાદીમાં યોગ્ય રીતે નોંધાઈ શકે. સમયમર્યાદામાં આ કામગીરી પૂર્ણ કરવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સંપૂર્ણ તત્પરતા દાખવવામાં આવી રહી છે.

## શાળાઓનો સંચાલકો નિયમનો ભંગ કરતા જણાઈ આવ્યા

# જામનગરમાં ખાનગી શાળાના સંચાલકો સામે કાર્યવાહી કરવા રજૂઆત

## ખાનગી શાળાના સંચાલકો દ્વારા જાહેર રજાઓમાં શાળાઓ ચાલુ રાખવામાં આવી

જામનગર , તા.૪

જામનગર શહેરમાં અમુક ખાનગી શાળાના સંચાલકોએ સ્કૂલો ચાલુ રાખી સરકારી નિયમોનો ભંગ કરતા એબીવીપી દ્વારા શિક્ષણાધિકારી કચેરી ખાતે ધરણા યોજીને આવેદનપત્ર પાઠવ્યું હતું. અને નિયમો મુજબ શાળાઓ બંધ કરવામાં નહી આવે, તો ઉગ્ર આંદોલનની ચીમકી આપવામાં આવી છે.જામનગર શહેરમાં ૨૧ દિવસના દિવાળી વેકેશનમાં કેટલીક ખાનગી શાળાઓના સંચાલકો દ્વારા વેકેશનના સમયગાળા દરમ્યાન નિયમનો ભંગ કરીને શાળાઓ ચાલુ કરી દેવામાં આવી હોવાનું અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદને ધ્યાનમાં આવ્યું હતું. ખાનગી શાળાના સંચાલકો જાહેર રજાઓમાં શાળાઓ ચાલુ રાખવામાં આવી છે. આ ખાનગી શાળાઓનો સંચાલકો નિયમનો ભંગ કરતા જણાઈ આવે છે. જેથી એબીવીપીના મંત્રી ઉત્સવ પંડયાની આગેવાનીમાં વિદ્યાર્થીઓને સાથે રાખીને શિક્ષણાધિકારી કચેરી ખાતે ધરણા યોજી આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.જેમાં વેકેશનના સમયગાળા દરમિયાન ચાલતી આ શાળાઓ ત્વરિત ધોરણે સરકારના નિયમો મુજબ બંધ કરવામાં આવે. જો આગામી ૨૪ કલાકમાં અમારી માંગણી સ્વીકારવામાં નહીં આવે, તો અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા આંદોલન કરવામાં આવશે, અને તેની સંપુર્ણ જવાબદારી તંત્રની રહેશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

## યુવતી ઉપર મેલી વિદ્યા કરતી હોવાની શંકા હતી

# નિકોલમાં પતિએ પત્ની પર કર્યો જીવલેણ હુમલો

## પોલીસે આ ઘટનાને પગલે ગુનો નોંધી હુમલો કરનાર પતિની ધરપકડ કરી છે

અમદાવાદ, તા.૪

અમદાવાદ:શહેરના નિકોલના ખોડીયારનગર વિસ્તારમાં પતિએ પત્ની પર જીવલેણ હુમલો કર્યાની ઘટના સામે આવી છે. પત્ની મેલી વિદ્યા કરતી હોવાની શંકા રાખી મોકો જોઈ પતિએ પત્ની પર છરીના ઘા ઝીંકી જીવલેણ હુમલો કરતા સમગ્ર મામલો નિકોલ પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો છે. આ આખીય ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. ત્યારે પોલીસે આ ઘટનાને પગલે ગુનો નોંધી હુમલો કરનાર પતિની ધરપકડ કરી છે. જ્યારે હુમલામાં ઘાયલ પત્ની સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.નિકોલના ખોડિયાર નગર વિસ્તારમાં રહેતી યુવતીના લગ્ન મયંક સાથે દોઢ વર્ષ અગાઉ થયા હતા. જો કે દોઢ વર્ષના લગ્ન જીવનમાં ઘર કંકાસ થવા લાગ્યો હતો. દરમિયાન મયંકના ભાઈની આત્મહત્યાની ઘટના પણ બની હતી. પતિ અને પત્ની વચ્ચે ચાલી રહેલા ઝઘડામાં પતિ અને તેના પરિવારજનોને યુવતી ઉપર મેલી વિદ્યા કરતી હોવાની શંકા હતી. એ મેલી વિદ્યાના કારણે જ તેમના બીજા પુત્રએ આત્મહત્યા કરી હોવાનો આક્ષેપ યુવતીના પતિ અને સાસરિયાવાળાએ લગાવ્યો છે. દોઢ વર્ષના લગ્ન જીવનમાં ઘરકંકાસના કારણે યુવતી ૬ મહિનાથી તેના પિતાના ઘરે ખોડિયાર નગર રહેવા આવી હતી.પતિ મયંક અને સાસુને શંકા હતી કે મયંકની પત્ની મેલી વિદ્યા કરે છે. જેના કારણે તેના નાના ભાઈએ આપઘાત કર્યો હતો. જેની અદાવત રાખીને આરોપી મયંકે પત્નીની હત્યાનો પ્રયાસ કર્યો હતો. પતિના હિંસક સ્વરૂપને જોઈ પત્ની ન્યાયની માંગ કરી રહી છે. પતિને સજા થાય તેવી માંગ કરી રહી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું કે બે વર્ષ અગાઉ કૃષ્ણ નગર ખાતે મયંક અને યુવતી ટૂર કામકાજને લઈને પરિચયમાં આવ્યા હતા. બંને વચ્ચે મિત્રતા બાદ પ્રેમ સંબંધ બંધાયો હતો. જેથી ૨૯ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ બંનેએ પ્રેમ લગ્ન કર્યા હતા. દોઢ વર્ષના પ્રેમ લગ્ન દરમિયાન પતિ પત્ની સુખી જિંદગી જીવતા હતા પરંતુ દેવરના આપઘાત બાદ પતિ મયંક અને સાસુ પત્નીને માનસિક ત્રાસ આપતા હોવાનો પરિણીતાના પરિવારજનોએ આક્ષેપ કર્યો છે.એટલું જ નહીં દેવરના આપઘાત પાછળ પત્ની મેલીવિદ્યા કરતી હોવાનો પતિ અને સાસુએ આરોપ લગાવ્યો છે અને જમવામાં કોઈ મિલાવટ કરીને આપતા હોવાનો આક્ષેપ કર્યો છે. તેમજ પતિએ આક્ષેપ કર્યો છે કે પત્નીના અન્ય યુવકો સાથે પ્રેમ સંબંધ હોવાની જાણ દેવરને થતા મેલી વિદ્યા કરી હતી. જેથી દેવરે આપઘાત કર્યો હોવાનો આક્ષેપ છે. હાલ નિકોલ પોલીસે પરિણીતા પર થયેલા હુમલા કેસમાં પતિ મયંક પટેલ અને સાસુ ભાવના પટેલ વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરી છે. આ જીવલેણ હુમલા પાછળ ઘર કંકાસ સિવાય અન્ય કોઈ કારણ છે કે કેમ તે દિશામાં આરોપીની પૂછપરછ શરૂ કરી છે. ત્યારે ઈજાગ્રસ્ત અને તેના પરિવારના નિવેદન લઈ વધુ તપાસ હાથ ધરી છે.

## ઠગાઈનો કીસ્સો સામે આવ્યો

# ડોલરના બંડલ વચ્ચે ભારતીય કરન્સીની ૧૦૦ રૂપિયાની નોટો પધરાવી

## વચ્ચેની પ્રત્યેક નોટ માત્ર એક ડોલર જણાઈ હતી પરિણામે લોન કન્સલ્ટન્ટને પોતાની સાથે ઠગાઈ થયાનો અહેસાસ થયો હતો

અમદાવાદ, તા.૪

લોન કન્સલ્ટન્સીનું નવસારીમાં કામકાજ કરતા હરસિધ્ધિ ફાઈનાન્સ સંચાલકને સસ્તા ભાવે વિદેશી ચલણ ડોલર આપવા ૧૦૦ના બંડલમાં ઉપર-નીચે ૧૦૦ ડોલરની ચલણી નોટો રાખીને વચ્ચે બાકીની માત્ર ૧ ડોલરની નોટો રાખીને રૂ.૪.૫૦ લાખની ઠગાઈ કરનાર ટોળકીના ત્રણ આરોપીઓને ગોઠવાયેલા છટકા મુજબ નંદેસરી પોલીસે અલ્ટો કાર સાથે ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે. બનાવની વિગત એવી છે કે નવસારીના ધરમપુર ખાતે રહેતા પાર્થ જયસિંહ પરમાર (ઉં. ૨૭) હરસિધ્ધિ ફાઈનાન્સના નામે લોન કન્સલ્ટન્સી ચલાવે છે. ગત ફેબ્રુઆરીમાં લોન કન્સલ્ટન્ટ તેની ઓફિસમાં હતો ત્યારે મોબાઈલ પર મેસેજ આવ્યો હતો જેમાં યુએસ ચલણના ડોલર વેચાણ કરી આપવા બાબતે વાતચીત કરી હતી. જેમાં ૧૦૦ ડોલરની બે નોટનો સોદો નક્કી કર્યો હતો. જેથી ફેબ્રુઆરી માસના ૧૦ દિવસ બાદ તા.૧૩મીએ તારાપુર ચોકડી નજીક પીપળાવ ગામ પાસે મંદિર નજીક ગોઠવાયેલી મુલાકાતમાં ૧૦૦ ડોલરની બે નોટની અવેજીમાં રૂપિયા ૧૦૦૦૦ રોકડા ચૂકવી દીધા હતા. ત્યારબાદ ફરીવાર ૧૦૦ ડોલરનું બંડલ જેમાં ૧૦૦ નોટ છે તે અંગે અવેજીમાં રૂપિયા ૪.૫૦ લાખ આપવાનું નક્કી થયું હતું. જેથી લોન કન્સલ્ટન્ટ અને તેના બે મિત્રો સાથે નિયત સ્થળે પીપળાવ ગામે નક્કી થયેલી જગ્યાએ જઈને કાળા રંગના પ્લાસ્ટિકની થેલીમાં ડોલરનું ૧૦૦નું બંડલ આપીને બીજા હાથે લોન કન્સલ્ટન્ટે રૂપિયા ૪.૫૦ લાખ રોકડા ચૂકવ્યા હતા. નાણા લઈને ગઠિયો ઝાડી ઝાખરામાં નીકળી ગયો હતો. પરંતુ નોન કન્સલ્ટન્ટે તપાસ કરતા ૧૦૦ ડોલરના બંડલમાં ઉપર નીચે ૧૦૦ ડોલરની નોટો હતી. જ્યારે વચ્ચેની પ્રત્યેક નોટ માત્ર એક ડોલર જણાઈ હતી. પરિણામે લોન કન્સલ્ટન્ટને પોતાની સાથે ઠગાઈ થયાનો અહેસાસ થયો હતો. દરમિયાન ગઈ તા.૨૮મીએ આજ ગઠીયાનો ફરી એક વખત મોબાઈલ પર મેસેજ આવ્યો હતો. અને ડોલર સસ્તા ભાવે વેચાણ કરવાનું બહાનું બતાવ્યું હતું. જેમાં ૧૦૦ ડોલરની માત્ર બે નોટ હોવાનો ગઠિયાએ કહ્યું હતું. જેથી લોન કન્સલ્ટન્ટ તેના બે મિત્રો સાથે નિયત કરેલી જગ્યાએ સાકરદા ગામ પાસે ગઠીયા સાથે મુલાકાત થઈ હતી. જોકે લોન કન્સલ્ટન્ટ મિત્રો અને નંદેસરી પોલીસ સ્ટેશનના કર્મીઓ સાથે સાદા ડ્રેસમાં સાકરદા ગામ નજીક પહોંચ્યા હતા.

જ્યાં અગાઉથી ગોઠવેલા છટકા મુજબ પોલીસે ડોલર વેચાણના બહાને અગાઉ ઠગાઈ કરનાર ટોળકીને દબોચી લીધી હતી. પોલીસે ટોળકીના અમિત ગોવિંદ તળપદા, જીગ્નેશ કિરીટ તળપદા અને મુકેશ કનુભાઈ તળપદાની અટકાયત કરીને નંદેસરી પોલીસ મથકે ત્રણેયને લઈ આવ્યા હતા જ્યાં તમામની પૂછપરછ કરીને પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## કોન્સ્ટેબલ વચ્ચેના લગ્નેત્તર સંબંધોને લઈને કાર્યવાહી કરવામાં આવી

# કોઠંબા પોલીસ સ્ટેશનના PI અને મહિલા કોન્સ્ટેબલને ઇલુ ઇલુ ભારે પડ્યું

## પોલીસ અધિકારી અને તેના સાથી મહિલા કર્મચારી વચ્ચેનો પ્રેમ સંબંધ ઉપરી અધિકારી સુધી પહોંચી જતાં કાર્યવાહી

મહીસાગર,તા.૪

ગુજરાતમાં સરકારી કર્મચારીઓ વચ્ચે પ્રેમ સંબંધના અનેક બનાવો સામે આવતા હોય છે. ત્યારે મહિસાગર જિલ્લાના કોઠંબા પોલીસ સ્ટેશનમાં ખાખીને શરમમાં નાંખતી ઘટના સામે આવી છે. પોલીસ અધિકારી અને તેના સાથી મહિલા કર્મચારી વચ્ચેનો પ્રેમ સંબંધ ઉપરી અધિકારી સુધી પહોંચી જતાં તેમની સામે કાર્યવાહી કરવામાં આવી છે. બંને પોલીસ કર્મીઓને સસ્પેન્ડ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મહિસાગર જિલ્લાના કોઠંબા પોલીસ સ્ટેશનમાં PI અને કોન્સ્ટેબલ વચ્ચેના લગ્નેત્તર સંબંધોને લઈને કાર્યવાહી કરવામાં આવી છે. PI અને મહિલા કોન્સ્ટેબલ વચ્ચે પાંગરેલા પ્રેમની રજૂઆત મળતાં જ જિલ્લા પોલીસ વડા સફિન હસન દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. આ ઘટનાની છેક મહિસાગર જિલ્લા એસપી સુધી રજૂઆત થતાં બંને કર્મચારીઓને પ્રેમ કરવો ભારે પડ્યો છે.જિલ્લા પોલીસ વડા સફિન હસને બંને કર્મચારીઓનો ફરજ મોકૂફીનો હુકમ કર્યો હતો. આ હુકમ પ્રમાણે કોઠંબા પોલીસ સ્ટેશનના PI અને મહિલા કોન્સ્ટેબલ વચ્ચે આડા સંબંધો હોવાનું જણાય છે. જે ફરજ દરમિયાન રાખવામાં આવેલી ગંભીર ગેર વર્તણૂંક છે. આ બાબત ખાતાકીય તપાસના અંતે પુરવાર થાય તો ફરજિયાત નિવૃત્તિ, રૂખસત કે બરતરફી જેવી શિક્ષામાં પરિણમે છે. જો તમને ફરજ પર ચાલુ રાખવામાં આવે તો સત્તાનો દુરૂપયોગ કરીને તમે પુરાવાનો નાશ કરી શકો છો. જેથી ખાતાકિય તપાસ પૂર્ણ ના થાય ત્યાં સુધી ફરજ મોકૂફીનો હુકમ કરવામાં આવે છે.

# ૨૦ નવેમ્બરે ૬ કલાક માટે બંધ રહેશે મુંબઇ એરપોર્ટ

## ચોમાસા પછી વાર્ષિક રનવે જાળવણી કાર્ય માટે બંને રનવે અસ્થાયી રૂપે બંધ રહેશે

મુંબઇ ,તા.૪

ચોમાસા પછી વાર્ષિક રનવે જાળવણી કાર્ય માટે બંને રનવે અસ્થાયી રૂપે બંધ રહેશે. તેથી ૨૦ નવેમ્બરના રોજ મુંબઈ એરપોર્ટ પર છ કલાક માટે કોઈ ફ્લાઈટ ઉતરાણ કે ઉડાન ભરશે નહીં. એરલાઈન્સને આ બંધ થવાની અગાઉથી જાણ કરવામાં આવી છે, તેથી બંધ સમયગાળા દરમિયાન કોઈ ફ્લાઈટ્સનુંસ ૨૦ નવેમ્બરે મુંબઈ એરપોર્ટના બંને ક્રોસ રનવે નંબર ૯/૨૭ અને ૧૪/૩૨ બંધ રહેશે. ક્રોસ રનવે ૬ કલાક સુધી બંધ કરવામાં આવશે. આ દરમિયાન અહીંથી ન તો કોઈ પ્લેન ટેકઓફ થશે કે ન કોઈ ફ્લાઈટ લેન્ડ થશે. આમ કરવાનું કારણ ચોમાસાને કારણે દર વર્ષે થનારીને સમારકામની કામગીરી છે. આ રનવે સવારે ૧૧ વાગ્યાથી શરૂ થઈને સાંજે ૫ વાગ્યા સુધી ૬ કલાક માટે ફ્લાઈટ માટે ઉપલબ્ધ નહીં રહે.મુંબઈ એરપોર્ટ મેનેજમેન્ટે પૂર્વનિર્ધારિત જાળવણી કાર્ય માટે ૬ કલાક બંધ રાખવાનો નિર્ણય લીધો છે. ભારે ચોમાસાના વરસાદને કારણે રનવેની સપાટી પર પાણી ભરાઈ જાય છે જેના કારણે વિવિધ સ્થળોએ તિરાડો દેખાય છે.આ કારણોસર દર વર્ષે ચોમાસાની ઋતુ પૂરી થયા પછી રનવેની સંપૂર્ણ સફાઈ કરવામાં આવે છે અને જરૂરી સમારકામ પૂર્ણ કરવામાં આવે છે. આ કાર્યમાં રનવેની સપાટીની સફાઈ, તિરાડો ભરવી, ફરીથી હાઈલાઈટ કરવું અનેલાઈટિંગ સિસ્ટમનું સંપૂર્ણ નિરીક્ષણ કરવાનો સમાવેશ થાય છે.એરપોર્ટ અધિકારીઓએ પાયલટને પહેલેથી જ નોટિસ એટલે કે નોટમ જાહેર કરી દીધુ હતું. આ નોટિસને કારણે તમામ એરલાઈન્સ પોતાની હવાઈ યાત્રા પ્લાન કરી શકે. આ દરમિયાન મુંબઈના મુખ્ય રનવે નંબર ૦૯ઈ/૨૭L નો ઉપયોગ કરશે. મુંબઈ એરપોર્ટ મેનેજમેન્ટનું માનવુ છે કે પહેલેથી આપવામાં આવેલી સૂચના લેટ ફ્લાઈટના બનાવોને ઘણા અંશે ઘટાડી શકે છે. જેથી યાત્રીઓને મુશ્કેલી ન થાય.મહત્વનું છે કે મુંબઈ એ ભારતનું સૌથી વ્યસ્ત એરપોર્ટ છે. રોજની ૯૦૦ થી વધુ ફ્લાઈટ્સ કાર્યરત હોય છે. આથી આ રીતે જો ૬ કલાક ક્રોસ રનવે બંધ રહે તો ૧૦૦થી ૧૫૦ ફ્લાઈટ પર અસર પડશે. જો કે મુખ્ય રનવે સંપૂર્ણપણે કાર્યરત રહેશે, તેથી મોટાભાગની ફ્લાઈટ્સ સમયપત્રક પર અથવા થોડા વિલંબ સાથે ઉપડશે અને ઉતરશે. મુસાફરોને સલાહ આપવામાં આવે છે કે તેઓ ૨૦ નવેમ્બરના રોજ એરલાઈન્સની વેબસાઈટ અથવા એપ્લિકેશન પર ફ્લાઈટની સ્થિતિ તપાસે

## તરુણીને માતાએ ઘર કામ બાબતે ઠપકો આપ્યો હતો

# જામનગરમાં ૧૫ વર્ષની તરુણીએ આપઘાત કર્યો

## ઘેર પંખાના હુકમાં સાડી બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી, જે બનાવને લઈને પરિવારમાં સોંપો પડી ગયો હતો

જામનગર , તા.૪

જામનગરમાં મહાવીર નગર વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષની એક તરુણીને ઘરકામ બાબતે પોતાની માતાએ આપેલો ઠપકો સહન નહીં થતાં માઠું લાગી આવવાથી ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લઈ પોતાની જીવન લીલા સંકેલી લીધી છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં હર્ષદ મિલની ચાલી નજીક મહાવીર નગર વિસ્તારમાં રહેતી જાનવીબેન શરદભાઈ મકવાણા નામની ૧૫ વર્ષની તરુણીએ ગઈકાલે પોતાના ઘેર પંખાના હુકમાં સાડી બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી, જે બનાવને લઈને પરિવારમાં સોંપો પડી ગયો હતો.આ બનાવ અંગે મૃતકના પિતા શરદભાઈ દેવજીભાઈ મકવાણાએ પોલીસની જાણ કરતાં સિટી એ. ડિવિઝન પોલીસ બનાવના સ્થળે દોડી ગઈ હતી અને મૃતદેહનો કબજો સંભાળી સમગ્ર બનાવ બાબતે વધુ તપાસ હાથ ધરી હતી.

પોલીસની પૂછપરછ દરમિયાન મૃતક તરુણીને તેણીની માતાએ ઘરકામ બાબતે ઠપકો આપ્યો હતો, જે સહન નહીં થતાં મનમાં લાગી આવ્યું હતું, અને આપઘાતનું પગલું ભરી લઈ પોતાની જીવન લીલા સંકેલી લીધી હતી.

## કમોસમી વરસાદથી ૩૩% નુકસાન થયું

# અમરેલી જિલ્લાના ૬૨૬ ગામોમાં ૫.૨૨ લાખ હેક્ટરમાં સર્વે પૂર્ણ કરવામાં આવી

## અસરગ્રસ્ત ૬૨૬ ગામોમાં કપાસ મગફળી, સોયાબીન ડુંગળી શાકભાજી કઠોળ વગેરેની ખેતીને નુકસાની થઈ છે

અમરેલી, તા.૪


ગુજરાતમાં ચોમાસુ અને ત્યાર બાદ થયેલા માવઠાને કારણે ખેતીને ભારે નુકસાન પહોંચ્યુ છે. રાજ્ય સરકારે પાક નુકસાનીનો સરવે કરવા માટે આદેશ કર્યો હતો. તે અંતર્ગત અમરેલી જિલ્લામાં ૨૩૪ સરકારી કર્મચારીઓ દ્વારા થઈ ૮૬ જેટલી ટીમો બનાવીને જિલ્લાના તમામ ૬૨૬ ગામમાં કમોસમી વરસાદથી થયેલી ખેતીવાડીને નુકસાનના સરવેની કામગીરી પૂરી કરવામાં આવી છે. જેમાં ૫.૨૨ લાખ હેક્ટરમાં સતાવાર રીતે અંદાજે ૩૩% નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારી જે.કે.કાનાણીએ જણાવ્યું કે,રાજ્ય સરકાર દ્વારા બે દિવસમાં નુકસાનીનો સર્વે કરીને પાંચ રોજકામ પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી હતી.

અમરેલી જિલ્લામાં અસરગ્રસ્ત ૬૨૬ ગામોમાં કપાસ મગફળી, સોયાબીન ડુંગળી શાકભાજી કઠોળ વગેરેની ખેતીને નુકસાની થઈ છે. આ અસરગ્રસ્ત ગામોમાં સરવે અને પંચ રોજકામની કામગીરી કરી અને અહેવાલ તૈયાર કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.અમરેલી જિલ્લા ૫.૨૨ લાખ હેક્ટરમાં જુદા જુદા પાકનું વાવેતર થયું હતું તેમાં કમોસમી વરસાદથી ૩૩% નુકસાન થયું છે.

સરવે અને રોજકામની કામગીરી માટે અમરેલી જિલ્લામાં ૮૬ ટીમ દ્વારા ૬૨૬ ગામોમાં સરવે અને પંચરોજકામની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.અમરેલીમાં ૬૨૧૯૩ હેક્ટર, બાબરામાં ૪૫૨૦૭ હેક્ટર, બગસરામાં ૨૯૨૩૫ હેક્ટર, ધારી માં ૬૬૬૪૪ હેક્ટર, જાફરાબાદમાં ૨૨૧૪૦હેક્ટર, ખાંભા ૩૯૧૨૮ હેક્ટર, કુંકાવવમાં ૪૬૭૮૯ હેક્ટર, લાઠીમાં ૪૯૧૬૫ હેક્ટર, લીલીયામાં ૩૧૫૪૯ હેક્ટર, રાજુલામાં ૪૧૯૯૬ હેક્ટર, સાવરકુંડલામાં ૮૪૨૭૪ હેક્ટર, અમરેલી શહેરમાં ૩૯૬૦ હેક્ટર એમ કુલ મળીને ૫૨૨૨૮૦ હેક્ટરમાં સર્વે કામગીરી પૂર્ણ. આ કામગીરીમાં ૮૬ ટીમો અને ૨૭ અધિકારી, ૨૩૪ કર્મચારીની ટીમ નુકસાનીનો રિપોર્ટ તૈયાર કરવા માટે કામગીરી કરી રહી છે. નુકસાનીના અંદાજના રિપોર્ટનું સંકલન કરી સરકારને આપવામાં આવશે.

# અમરેલીમાં વાત્સલ્યધામ બનાવનાર વસંતભાઈ ગજેરાનુ શ્રેષ્ઠીઓએ કર્યુ સન્માન



અમરેલી, તા. ૩ નવેમ્બર ૨૦૨૫ના રોજ શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ તથા શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ – વિદ્યાસભા, અમરેલીના સંયુકત ઉપક્રમે સ્નેહમિલન કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગજેરા ટ્રસ્ટ, લક્ષ્મી ડાયમંડ, પટેલ સંકુલ, વિદ્યાસભા, મેડીકલ કોલેજ, જનરલ હોસ્પિટલના પ્રમુખ વસંતભાઈ ગજેરા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ બકુલભાઈ ગજેરાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમમાં સંસ્થાઓના તમામ સ્ટાફ સભ્યો સાથે અમરેલી શહેરના વિવિધ સેવાભાવી સંસ્થાઓ અને સમાજના અગ્રણીઓએ પણ ઉપસ્થિત રહી કાર્યક્રમને ગૌરવમય બનાવ્યો હતો. વસંતભાઈ ગજેરો સૌને નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવી અને અમરેલીમાં શિક્ષણ તથા આરોગ્ય ક્ષેત્રે વધુ સુવિધાઓ વિકસે તેવી શુભેચ્છા વ્યકત કરી હતી. સાથે જ તેમણે વાત્સલ્ય–ધામના નિર્માણ અંગે અગ્રણીઓ સાથે વિશેષ ચર્ચા કરી તથા તેની કાર્યપદ્ધતિ અંગે સેને માહિતગાર કર્યા હતા. જે માહિતી મેળવી સામાજિક અગ્રણીઓ ખુબ જ ખુશ થયા હતા કે આ વાત્સલ્યધામ તમામ સમાજના હિતાર્થે બનવા જઈ રહ્યું છે તે બદલ સોએ વસંતભાઈ ગજેરાને અભિનંદન પાઠવ્યા હતા.

પાના ૧ ઉપરનું ચાલું

## વડિયામાં ખેડૂતોનાં પાક ધિરાણ માફ

આપવામાં આવ્યુ હતુ. આ આવેદનપત્રમાં જણાવ્યા મુજબ ભારતીય કિસાન સંઘ દ્વારા મુખ્યચાર માંગણીઓ કરવામાં આવી હતી જેમા (૧) ખેડૂતોના પાકધિરાણ માફ કરવામાં આવે, (૨) મગફળીની ખરીદી તત્કાલ ચાલુ કરવી, ૨૦૦ મણ મગફળી ખરીદવી, ખરીદીના માપદંડ હળવા કરવા, (૩) રવિ પાકના વાવેતર માટે ખાતરની અછત દૂર કરવી, (૪) જૂની પાકવીમા યોજના શરૂ કરવી. આ મુખ્ય માંગણીઓ સાથે મોટી સંખ્યામાં ખેડૂત આગેવાનોએ ભારતીય કિસાન સંઘના નેજા નીચે ખેડૂતોને સાથે લઈને વડિયા મામલતદારને આવેદનપત્ર આપી ખેડૂત હિતમાં સરકારને જગાડવા માટે આક્રોશ સાથે રજુવાત કરતા જોવા મળ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું

## ધારી અને ખાંભામાં પણ

જણાવેલ હતું કે કોંગ્રેસ હંમેશા દરેક વર્ગની સાથે છે અને ખંભે ખંભા મિલાવીને ન્યાય અપાવવામાં કયારેય પાછી પાની નહી કરે. ત્યારે ધારી–ખાંભા તાલુકામાંથી ખેડૂતો અને ખેડૂત આગેવાનો મોટી સંખ્યામાં આવેલ હતા અને કાર્યકર્તાઓ, તાલુકાભરના ખેડૂતો આવ્યા હતા. રવિભાઈ હીરાની, ચમ્પુભાઈ વાળા, અજયભાઈ વાળા, ઉ.પ્રમુખ જિલ્લા યુથ ઉપેન્દ્રભાઈ વાળા, કલ્પેશભાઈ ચાવડા, પ્રકાશભાઈ વેકરીયા, યુનુશભાઈ, ડી.બી. ભારોલા, ભીખુભાઈ ગેડિયા, કે.કે. ચૌહાણ, રમેશભાઈ ચૌહાણ, ઈકબાલભાઈ સવંટ, પ્રતાપભાઈ વાળા, કાળુભાઈ રવિયા, જયંતીભાઈ ગોધાત, ભરતભાઈ હિરપરા, કિરીટભાઈ પટોળીયા, અલ્કેશભાઈ કોરાટ, રમેશભાઈ અંટાળા, વિશાલભાઈ માલવિયા, પ્રમુખ ચલાલા કોંગ્રેસ સમિતિ રોહિતભાઈ સરધારા, રમેશભાઈ કલસરિયા પ્રમુખ, ભોળાભાઈ મોભ, નીરૂભાઈ રાઠોડ, ઈન્દુભાઈ રાઠોડ, રમેશભાઈ નસીત, ગોપાલભાઈ પરમાર, નવનીતભાઈ અકબરી, ભનુભાઈ આંબલીયા, પરીખભાઈ, મગનભાઈ મકવાણા, તા.પ. સદસ્ય ઈકાભાઈ બોઘાણી વિગેરે કાર્યકર્તા મિત્રો હાજર રહ્યા હતા.

અમરેલી જિલ્લા માં "ખેતી બચાવો સત્યાગ્રહ" ના મંડાણ કરવામાં આવેલ છે અને અમરેલી જિલ્લાનાં દરેક તાલુકાઓમાં કાર્યક્રમ અને ધરણા અમરેલી જિલ્લા કોંગ્રેસ તેમજ દરેક તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા કરવામાં આવી રહ્યા છે. તેમ અમરેલી જિલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં જણાવેલ છે.

**ખાંભા**

કમોસમી વરસાદથી પીડિત ખેડૂતોની વ્હારે કોંગ્રેસ આવી છે પણ કોંગ્રેસના ખેસ વિના ખેડૂતોના હમદર્દ બનવા ગઈ કાલથી વડિયા ખાતેથી ખેતી બચાવો સત્યાગ્રહ આંદોલન શરૂ કરીને આજે ખાંભા ખાતે ધરણા પ્રદર્શન કોંગી નેતાઓએ ખેડૂતો સાથે રહીને કર્યુ હતું. બાદ મામલતદાર કચેરી ખાતે ખેડૂતોના ૧૫ મુદ્દાઓ સાથે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

અવિરત એક અઠવાડિયા સુધી પડેલા કમોસમી વરસાદે ખેડૂતોની આશાઓને પાણીમાં તરબતર કરી દીધી તેમ કપાસ, મગફળી, સોયાબીન સહિતના ખેતીપાકો નષ્ટ થઈ જતા કોંગ્રેસ દ્વારા ખેડૂતોના દેવા માફીની માંગ સાથે ધરણા પ્રદર્શન શરૂ કર્યુ છે. ગઈ કાલે વડિયા અને બગસરા બાદ આજે ધારી અને ખાંભા ગામમાં ખેતી બચાવો સત્યાગ્રહ આંદોલન કરીને સરકાર સામે પૂર્વ નેતા વિપક્ષ પરેશ ધાનાણી અને પ્રતાપ દુધાતે આકરા પ્રહારો કર્યા હતા. બાદ ખાંભા મામલતદાર ઓફીસ ખાતે રેલી સ્વરૂપે હાથમાં પ્લે કાર્ડ લઈને સુત્રોચાર સાથે દેવા માફીની માંગ કરવામાં આવી હતી. ત્યારે અમુક ખેડૂતે ભાજપ–કોંગ્રેસ કે આપ નહીં પણ ખેડૂતોની વાત કરજો તેવી શીખ કોંગી નેતાઓને આપી હતી ને સામે પરેશ ધાનાણીએ પણ કોંગ્રેસનો ખેસ નથી ખેડૂતો માટે નીકળ્યા હોવાનું મોઢે જણાવી દીધું હતું. બાદ ૧૫ મુદ્દાઓ સાથે આવેદનપત્ર પાઠવ્યું હતું ને ખેડૂતોની વેદનાઓ વ્યકત કરી હતી. આ ખેતી બચાવો સત્યાગ્રહમાં પૂર્વ વિપક્ષ નેતા પરેશ ધાનાણી, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત, કોંગ્રેસ કાર્યકર્તાઓ, ખેડૂતો સહિત ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૬૨૨ | ૧૦૭૦ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૧૧૭૨ | ૧૧૭૨ |
| ૩ | ગીરનાર શીંગ | ૮૭૩ | ૧૧૩૨ |
| ૪ | શિંગ મોટી | ૬૨૦ | ૧૩૭૭ |
| ૫ | શિંગદાણા | ૭૫૦ | ૧૦૯૫ |
| ૬ | તલ સફેદ | ૧૨૯૦ | ૩૦૩૦ |
| ૭ | તલ કાળા | ૨૮૯૦ | ૪૭૯૫ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૯૧૫ | ૨૪૪૫ |
| ૯ | બાજરો | ૩૩૨ | ૪૬૬ |
| ૧૦ | જુવાર | ૭૯૮ | ૭૯૮ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૪૨૧ | ૫૬૭ |
| ૧૨ | ઘઉં લોકવન | ૪૮૫ | ૫૬૭ |
| ૧૩ | અડદ | ૮૧૫ | ૧૪૦૦ |
| ૧૪ | ચણા | ૮૯૦ | ૧૦૮૫ |
| ૧૫ | ચણા દેશી | ૧૦૭૯ | ૧૦૭૯ |
| ૧૬ | સફેદ ચણા | ૯૧૧ | ૧૦૩૬ |
| ૧૭ | છોલે ચણા | ૮૪૦ | ૧૫૧૫ |
| ૧૮ | કપાસ | ૮૪૫ | ૧૫૭૧ |
| ૧૯ | એરંડા | ૧૨૦૦ | ૧૨૪૮ |
| ૨૦ | જીરૂ | ૩૧૦૦ | ૩૬૪૫ |
| ૨૧ | ધાણા | ૧૧૦૦ | ૧૪૨૦ |
| ૨૨ | સોયાબીન | ૫૬૫ | ૮૭૦ |
| ૨૩ | રજકાનું બી | ૩૫૦૦ | ૮૦૦૦ |

### જેને કરડવાથી કોઈ પાણી પણ ન માંગી શકે તેવો સર્પ

# બાબરાનાં ગોપાલ કોટનમાં મહાકાય કોબ્રાનું રેસ્કયુ કરતાં પોલીસકર્મી કિરણ સોલંકી

### પોલીસકર્મી ૨૦ વર્ષમાં અનેક સર્પનું રેસ્કયુ કરી ચુકયા છે




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૪

બાબરામાં પોલીસ સ્ટેશનમાં ફરજ બજવતા પોલીસ કર્મચારી કિરણ સોલંકી કાયદો વ્યવસ્થાની સાથે સામાજિક સેવા પણ ઉત્તમ રીતે કરી રહ્યા છે. પોલીસની ફરજ બજાવતા તેઓ સામાજિક સેવા કરવા પણ અડધી રાતે દોડી જાય છે. તેવા અનેક દાખલાઓ સામે આવ્યા છે. ત્યારે બાબરામાં આજે અહી ચિતલ રોડ પર આવેલ ગોપાલ કોટન જિનમાં એક મહાકાય કોબ્રા નજરે પડતા જિનમાં માલિક હસુભાઈ પોપટ દ્વારા તાત્કાલિક અસરથી પોલીસ કર્મચારી કિરણભાઈ સોલંકીનો સંપર્ક કરતા તેઓ પોતાના સાથી પોલીસ કર્મચારી રાજભા વાઘેલાને લઈ ગોપાલ કોટનમાં હોચ્યા હતા. અહીં જિનમાં આવેલ શેડની બાજુમાં ઉગેલ ખડમાં કોબ્રા બેઠો હતો. ગણતરીની મિનિટોમાં સર્પની પૂંછડી પકડી તેને પકડી લેવામાં આવતા જિન માલિક સહિતના સ્ટાફ દ્વારા રાહતનો શ્વાસ લીધો હતો.

પોલીસ કર્મચારી કિરણભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે સર્પને પકડવામાં માટે કોઈ સાધન કે અન્ય હથિયારનો ઉપયોગ આજદીન સુધી નથી કર્યો માત્ર તેની મુમેન્ટ જોય તેને રેસ્કયુ કરૂ છું છેલ્લા ૨૦ વરસ દરમિયાન બાબરા સહિત સૌરાષ્ટ્રના અલગ શહેરમાં ફરજ ભાગરૂપે જવાનું થતું હોય છે અને ત્યાં પણ અનેક એવા ઝેરી બિન ઝેરી સર્પનું રેસ્કયુ કર્યા છે. જેમાં કોબ્રા ધામણ અને રૂપ સુંદરી આપણે ત્યાં વધુ દેખાય છે. કોબ્રા સર્પ બહુ દેખાવા લાગ્યા છે. નાના થી મોટા સુધી અહીં ગોપાલ કોટનમાં જે કોબ્રા સર્પનું રેસ્કયુ કરવામાં આવ્યું તે ખુબ જ ઝેરી હતો અને સાડા પાંચ ફૂટની વિશાલ કાયા ધરાવતો વજનદાર મહાકાય સર્પ હતો પણ ઈશ્વરની કૃપા અને પોતાની સૂઝબૂજ રેસ્કયુ કરૂ છું એટલે આજદીન સુધી સર્પ દ્વારા બાઈટ કરવામાં આવી નથી.

સર્પને પકડવા મન શાંત અને તેની મુમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરી સર્પને રેસ્કયુ કરવામાં આવે તો કોઈ મુશ્કેલ કામ નથી પણ તેની તાલીમ હોવી જરૂરી સર્પને રેસ્કયુ કરી તેને યોગ્ય હવા ઉજાસ વાળા વાસણમાં પુરી સુરક્ષિત જગ્યાએ પ્રકૃતિની વચ્ચે ખુલો મૂકી દેવો જોઈએ. તેની સાથે રમત કે અન્ય કોઈ છેડ છાડ કે ચંછેડવાની હરકત કયારેય નો કરવી જોઈએ તેવું અંતમાં કિરણભાઈ સોલંકીએ જણાવ્યું હતું.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૯ | ૧૫૩૨ |
| ૨ | કપાસ સી ગ્રેડ | – | ૧૦૭૪ |
| ૩ | અજમા | ૧૦૦ | ૧૧૮૬ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૩૫૧ | ૧૫૫૧ |
| ૨ | કપાસ કોડી | ૭૦૦ | ૧૧૧૧ |
| ૩ | મગફળી | ૭૦૧ | ૯૮૧ |
| ૪ | ઘઉં | ૪૦૫ | ૫૨૭ |
| ૫ | ચણા | ૧૦૬૧ | ૧૦૬૧ |
| ૬ | કાંગ | ૪૭૧ | ૪૭૧ |
| ૭ | અડદ | ૧૦૦૧ | ૧૦૩૫ |
| ૮ | શીંગદાણા | ૧૦૦૧ | ૧૧૦૧ |
| ૯ | સોયાબીન | ૫૬૦ | ૮૪૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૪૦ | ૧૧૧૦ |
| ૨ | શીંગ મોટી | ૮૭૫ | ૧૧૪૭ |
| ૩ | તલ સફેદ | ૧૬૦૧ | ૨૧૫૦ |
| ૪ | તલ કાળા | ૩૨૦૦ | ૪૪૦૦ |
| ૫ | જીરૂ | ૩૩૦૦ | ૩૯૦૦ |
| ૬ | કપાસ | ૧૪૦૦ | ૧૫૪૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૭૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૮૮ |
| ૯ | બાજરો | ૪૫૦ | ૬૫૨ |
| ૧૦ | મકાઈ | ૫૦૬ | – |
| ૧૧ | અડદ | ૯૧૧ | ૧૬૦૦ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૩૫૧ |
| ૧૩ | તુવેર | ૧૧૦૦ | – |
| ૧૪ | એરંડી | – | ૧૨૭૩ |
| ૧૫ | મેથી | ૮૬૦ | – |
| ૧૬ | રાય/રાયડો | ૧૨૨૨ | – |
| ૧૭ | ધાણા | ૭૫૦ | ૧૧૫૧ |
| ૧૮ | સોયાબીન | ૭૭૫ | ૮૭૨ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર નવો | ૧૩૫૦ | ૧૫૪૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૧૦ | ૧૨૨૦ |
| ૩ | મગફળી | ૧૦૧૧ | ૧૨૧૧ |
| ૪ | તલ સફેદ | ૧૫૧૫ | ૨૦૦૫ |
| ૫ | તલ કાળા | ૨૪૩૫ | ૪૨૨૫ |
| ૬ | જીરૂ | ૨૮૪૫ | ૩૭૮૫ |
| ૭ | ઘઉં | ૪૬૭ | ૫૪૩ |
| ૮ | અડદ | ૮૫૦ | ૧૧૫૦ |
| ૯ | મગ | ૧૨૪૦ | ૧૫૧૦ |
| ૧૦ | સોયાબીન | ૭૭૫ | ૮૩૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૩૫૦ | ૫૩૬ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૪૮૦ |
| ૪ | ચણા સફેદ | ૯૫૦ | ૧૦૦૦ |
| ૫ | ચણા | ૭૦૦ | ૧૦૫૦ |
| ૬ | તુવેર | ૧૧૩૦ | ૧૧૩૦ |
| ૭ | ધાણા | ૧૨૪૦ | ૧૪૧૦ |
| ૮ | અડદ | ૯૫૫ | ૧૨૪૦ |
| ૯ | સોયાબીન | ૫૦૨ | ૮૫૩ |
| ૧૦ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૨૫૦ |
| ૧૧ | તલ કાળા | ૨૫૦૦ | ૩૯૦૦ |
| ૧૨ | શીંગફાડા | ૯૫૦ | ૧૦૦૦ |
| ૧૩ | મગફળી | ૬૦૧ | ૯૦૧ |
| ૧૪ | મગ | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ૧૫ | બાજરો | ૨૫૦ | ૨૫૦ |
| ૧૬ | ચણા છોલે | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૧૭ | મેથી | ૬૩૫ | ૬૩૫ |

### ફાલ ખરતો અટકાવવા બોરોન યુકત સૂક્ષ્મ તત્વનો છંટકાવ કરવો

# પાસના પાકમાં સુકારો અટકાવવા સળિયાથી થડની બાજુમાં ચાર આંગળ દૂર કાણા કરી દેવા

### ખેતીવાડી વિભાગે સારી પાકની સ્થિતિ સુધારી શકાય તે ઉપાયો દર્શાવ્યા

અમરેલી, તા. ૪

કમોસમી વરસાદના પગલે ઉભા ખરીફ પાકોમાં વ્યાપક નુકસાન જોવા મળી રહ્યું છે, ત્યારે હાલની પરિસ્થિતિ મુજબ કપાસના પાકને બચાવવા કે પાકની સ્થિતિ સુધારી શકાય તે માટે ખેતીવાડી વિભાગે ખેડૂતો માટે ઉપયોગી સૂચનાઓ બહાર પાડી છે.

હાલની સ્થિતિ મુજબ કમોસમી વરસાદથી કપાસમાં પહેલી વીણીનું રૂ પલળી જવું અથવા બીજી વીણીનો ફાલ ખરવાનો પ્રશ્ન છે. સાથે જ વરસાદ બાદ પાણી ભરવાથી ફૂગથી સુકારો લાગવાની સંભાવના પણ રહેલી છે.

પાણી નિકાલ થયા બાદ તડકો વધવાથી જમીનની પરિસ્થિતિ બદલાતા ઓકિસજનની અછત સર્જાતા પેરાવિલ્ટની સંભાવના (જેમાં અચાનક છોડ સુકાઈ જવા, જીંડવા અપરિપકવ હોય તો પણ ફાટી જવા) છે. ત્યારે તત્કાલ કરવાના થતાં ઉપાયોમાં પાણી ભરાઈ ગયા હોય તો પાણીનો નિકાલ કરવો, જમીનમાં ઓકિસજનની અછત ન સર્જાય એ માટે સળિયાથી થડની બાજુમાં ચાર આંગળ દૂર કાણા કરી દેવા. આ ઉપાય તત્કાલ કરવો જેથી કપાસમાં એકી સાથે અચાનક આવતો સુકારો અટકાવી શકાય.

ઉપરાંત કપાસના પાકમાં ફૂગ લાગતી અટકાવવા માટે ફૂગનાશક દવાઓ જેવી કે મેન્કોઝેબ અને કાર્બેન્ડાઝીમ પાવડરનું અથવા કોપર ઓકસીકલોરાઈડ અથવા ટેબ્યુકોનાઝોલ અથવા એઝોકસીસ્ટ્રોબીન છંટકાવ કે ડ્રેચિંગ કરવું. તેમજ ફાલ ખરતો અટકાવવા સૂક્ષ્મ તત્વનો ખાસ કરીને બોરોન યુક્ત સૂક્ષ્મ તત્વનો છંટકાવ કરવો.

તદુપરાંત વીણી સમયે ભીનું થયેલું રૂ અલગ રાખવું જેથી સારા રૂ ની ગુણવત્તા ન બગડે અને વક્કલ મુજબ ભાવ મળી રહે.

પ્રાકૃતિક–સજીવ ખેતીમાં ફૂગનાશક દવાના બદલે ટ્રાઈકોડર્મા વીરીડી અને સ્યુડોમોનાસને થડની બાજુમાં ડ્રેચિંગ કરવું અથવા ખોળ /સેન્દ્રિય ખાતરમાં ભેળવી પુંખી દેવુ. તેમજ ટ્રાઈકોડર્માનો છોડ પર છંટકાવ કરવાથી તાણની પરિસ્થિતિ સામે પાકને રાહત મળશે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન

ચિરાગભાઈ કાનજીભાઈ અદગામા નામના ૧૭ વર્ષિય તરૂણ ગત તા. ૩ ના રોજ બપોરે ૧/૩૦ વાગ્યે તેની ભેસો ચરાવવા ભાડ ગામે ખોડીયાર ડેમ પાસે ગયેલ હોય, ત્યાં એક ભેષ ડેમના પાણીમાં પડેલ હતી. તેને પાણીમાંથી બહાર કાઢવા માટે હાંકવા જતા આ તરૂણનો પગ લપસી જતા તે ડેમના પાણીમાં પડી જતા પાણીમાં ડુબી જવાથી મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

બીજા બનાવમાં બાબરા તાલુકાના ખંભાળા ગામે રહેતા આશિષભાઈ અશોકભાઈ કાગડ નામના ૧૮ વર્ષિય યુવક ગત તા.૨ ના સાંજના ૭/૩૦ વાગ્યે બાબરા તાલુકા કરીયાણા ગામ પાસે મોટર સાઈકલ લઈ પસાર થતાં હતા ત્યારે તેમનાં મોટર સાયકલ સાથે ગાયનું એક વાછરડું આડે ઉતરતાં અને તેમની સાથે અકસ્માત થતા યુવકને માથાના ભાગે ગંભીર ઈજા સારવાર માટે દવાખાને ખસેડાતા તેમનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

ત્રીજા બનાવમાં બગસરા તાલુકાના નવા ઝાંઝરીયા ગામે રહેતા નબુબેન ભીખાભાઈ રાઠોડ નામના ૭૫ વર્ષિય વૃધ્ધા ગત તા. ૧ ના રોજ સવારે ૧૧ વાગ્યાના અરસામાં બગસરાથી નવા ઝાંઝરીયા જવાના રોડ મહાદેવના મંદિર પાસે રોડ ઉપરથી પસાર થતાં હતા ત્યારે અચાનક બકરા આડા આવતા અને મોટર સાયકલ તેમને અડી જતા વૃધ્ધા અકસ્માતે નીચે પડી જતા તેમને માથાના ભાગે તથા શરીરે ભાગે ગંભીર ઈજાઓ થતા તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

ચોથા બનાવમાં સાવરકુંડલા તાલુકાના હાડીડા ગામે રહેતા ઘનશ્યામભાઈ રામસંગભાઈ ઉર્ફે રામજીભાઈ પરમાર નામના ૫૭ વર્ષિય આધેડે ગત તા. ૨ ના સાંજના આશરે ૬ વાગ્યાની આસપાસ હાડીડા ગામે કોઈ અગમ્ય કારણસર ઝેરી દવા પી લેતાં તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.


## જાહેર નોટિસ

આથી અમો સંજય કનુજી ઠાકોર, રહે. ઠાકોરવાસ, થલતેજ, તા.જિ. અમદવાદાના આથી જાહેર જનતાને જણાવીએ છીએ કે, –અમો સંજય કનુજી ઠાકોર એક ખેતીની જમીન જે મોજે. ખડાધાર, તા. ખાંભા, જિ. અમરેલી ના ખાતા નંબર–૭૨, જેના સર્વે નંબર–૪૨/૩ જેના ક્ષેત્રફળ હે.આરે. ૦૩–૧૧–૫૬ ચો.મી. વાળી જમીન જે શ્રી જેંતીભાઈ પોપટભાઈ વાઘાણી રહે. ખડાધાર, તા. ખાંભા, હાલ રહે. ૧૦૨, માનસરોવર સોસાયટી, સરથાણા જકાતનાકા પાસે, સુરત પાસેથી ખરીદ કરવા માંગીએ છીએ.

આમ અમો ઉપરોકત વિગત અને વર્ણનવાળી ખેતીની જમીન ખરીદ કરવા માંગતા હોવાથી, આથી જાહેર જનતાને અમો જણાવીએ છીએ કે, જો ઉપર જણાવેલ જમીન અંગે કોઈનો હકક, હિત, હિસ્સો, સદરહું જમીનમાં સમાયેલો હોય તો તેઓએ દિન–૧૦ માં અમોને જાણ કરવા આથી જણાવવામાં આવે છે. અન્યથા દિન–૧૦ પછી સદરહું જમીન ટાઈટલ કલીયર હોવાનું માનીને અમો ખરીદ કરીશું. જે આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટિસ આપી જાહેર કરીએ છીએ.

તા. ૦૪/૧૧/૨૦૨૫

**રહે. ઠાકોરવાસ, થલતેજ,**
**તા.જિ. અમદાવાદ**
**મો.નં. ૯૭૨૫૫ ૫૫૫૫૧**

**સંજય કનુજી ઠાકોર**


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૩૭૫ | ૧૦૮૨ |
| ૨ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૧૦૦ |
| ૩ | તલ કાળા | ૩૭૦૧ | ૪૦૭૬ |
| ૪ | કપાસ | ૮૦૦ | ૧૫૨૫ |
| ૫ | બાજરો | ૩૪૦ | ૫૫૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૩૦ |
| ૭ | જુવાર | ૬૦૦ | ૧૦૧૭ |
| ૮ | મકાઈ | ૬૦૦ | ૬૦૦ |
| ૯ | અડદ | ૯૫૦ | ૧૩૫૦ |
| ૧૦ | તુવેર | ૧૧૦૧ | ૧૧૦૧ |
| ૧૧ | ચણા | ૧૦૦૧ | ૧૨૦૦ |
| ૧૨ | સોયાબીન | ૭૭૧ | ૮૪૩ |

કેરેલાના ડોકટરશ્રી દ્વારા આયુર્વેદિક થી સારવાર અને ઓપરેશન
આયુર્વેદિક વિભાગ
હરસ-મસા-ભગંદર કે ફિસરની આયુર્વેદ ક્ષારસુત્ર થી સારવાર
આયુર્વેદિક શસ્ત્રકર્મ સારવાર
શલ્ય વિભાગ
મોટા આંતરડાનો અંતિમ ભાગ મળાશય તરીકે ઓળખાય છે. આ મળમાર્ગ (Ano-Rectal) ના રોગનાં સામાન્ય લક્ષણો આ પ્રમાણે છે.
❖ મળત્યાગ વખતે મળમાર્ગમાં દુઃખાવો, બળતરા અથવા રકતસ્ત્રાવ થવો ❖ સંડાસ જતી વખતે ભાગ બહાર નીકળવો ❖ કાયમી કબજીયાત, ગેસટ્રબલ, અપચો રહેવો ❖ બેસવામાં તકલીફ થવી, મળમાર્ગમાં ખંજવાળ આવવી, રસી નીકળવી, ચીકાસ આવવી કે ભીનું લાગવું
❖ વારંવાર મળમાર્ગની આસપાસ ફોલ્લી જેવું થવું ❖ વારંવાર મરડો તથા ઝાડા થવા ❖ ભુખ ન લાગવી, જમ્યા પછી પેટમાં ભારે લાગવું ગેસટ્રબલ રહેવી, કમરમાં દુઃખાવો રહેવો ❖ મળત્યાગનો કંટ્રોલ ન હોવો ❖ પીડાદાયક મળત્યાગ
❖ મુત્રાશયની પથરી, અલ્પમુત્રતા-ઉનવા, પ્રોસ્ટેટની તકલીફ તથા અન્ય શસ્ત્રક્રિયા સાધ્ય રોગો જેવા કે કપાસી, રસોળી, નાડીવણ, ચરબીની ગાંઠ વગેરેની સર્જીકલ સારવાર
વૈદ્યશ્રી ડો. અજય કરૂન પી. M.S. (આયુ.)
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદિક હોસ્પિટલ
( ગોળ હોસ્પિટલ ) એન.સી.ટી. કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.
ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૯ / ૨૨૮૯૦૪

## વડિયા અને બગસરામાં સોમવારે માંગ થયા બાદ પૂનઃ

# ધારી અને ખાંભામાં પણ ''ખેડૂત દેવા માફી''નો નારો ગુંજયો

**અમરેલી જિલ્લામાં થયેલ કમોસમી વરસાદથી લગભગ તમામ ખેતીપાકો તબાહ થયા હોય ખેડૂતોનું દેવુ માફ કરવું જરૂરી**

**રાજય સરકાર દ્વારા નુકસાની અંગેનું સર્વે પૂર્ણ થયા બાદ સહાય જાહેર કરવાની તૈયારી ચાલી રહી છે**

**ખેડૂતોને આર્થિક સહાયની સાથે દેવુ પણ માફ થાય તેવી માંગ કરી રહ્યા છે**

**કોંગી નેતા પરેશ ધાનાણી, પ્રતાપ દુધાત પણ ખેડૂતોની માંગને સમર્થન કરી રહ્યા છે**



અમરેલી, તા. ૪

તાજેતરમાં કમોસમી વરસાદ (માવઠા) થી અમરેલી જિલ્લામાં ખેડૂતોને થયેલ વ્યાપક નુકસાન સામે વળતર નહી પરંતુ ખેડૂતોના દેવા માફ કરવા માટે તા. ૪/૧૧/૨૦૨૫ થી ''ખેતી બચાવો સત્યાગ્રહ'' ના મંડાણ અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કરવામાં આવેલ છે. જેના ભાગ રૂપે આજ રોજ ધારી અને ખાંભા તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિ ખેડૂતોની માંગણી અને લાગણી મુજબ ''ખેડૂતોનાં દેવા માફ'' માટે પ્રતિક ધરણા કરવામાં આવેલ હતા. પરેશભાઈ ધાનાણી તથા પ્રતાપભાઈ દુધાત, સુરેશભાઈ કોટડીયા, સંદીપભાઈ ધાનાણી, અશોકભાઈ ચાવડા વિગરે હાજર રહ્યા હતા અને તેઓની માંગણી મુજબ ધારી અને ખાંભા તાલુકાનાં અસરગ્રસ્ત ખેડૂતોને સહાય નહી પરંતુ ખેડૂતોનાં દેવા માફ કરવામાં આવે અને ખેડૂતોને તેમનો હક્ક મળે તે માટે ભાજપ સરકારને જગાડવાનું કામ હાથ ધરવામાં આવેલ અને આ મહાનુભાવો દ્વારા ખેડૂતોનાં પ્રાણપ્રશ્નો સાંભળવામાં આવેલ તેમજ ખેતી સાથે જોડાયેલ અન્નદાતા અને જગતના તાતની આજે જે મનોદશા છે તેમને વાચા આપવવા આ લડાઈ કોંગ્રેસ લડી રહ્યું છે. તેમાં આ બન્ને તાલુકાનાં ખેડૂતો સ્વયંભૂ જોડાયેલ. ત્યારે મહાનુભાવોએ તેમના પ્રવચનોમાં

**અનુસંધાન પાના ૬ ઉપર**

## અમરેલીમાં પ્રવેશ દ્વારે જ ગાબડા રાજ



અમરેલીમાં વરસડા માર્ગથી શહેરમાં પ્રવેશ કરે કોઈ એટલે તુરત જ સર્કલ નજીક ગાબડાઓ વાહનચાલકોનું સ્વાગત કરે છે. કરોડો રૂપિયાની ગ્રાન્ટ માર્ગ માટે ફાળવાની હોવા છતાં પણ શહેરમાં ઠેકઠેકાણે માર્ગો બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યા છે.

### ખેડૂતોનાં દેવા માફ કરવાની માંગ કરતાં ખેડૂતો ખુશ

# લ્યો બોલો : સાવરકુંડલામાં સુરતનાં ધારાસભ્ય કુમાર કાનાણીને અભિનંદન પાઠવતા બેનરો લાગ્યા

### સ્થાનિક ધારાસભ્યનો આભાર માનવામાં ન આવતા ચકચાર




અમરેલી, તા. ૪

સાવરકુંડલામાં આજ રોજ અનોખી રાજકીય ચર્ચા શરૂ થઈ છે. અહીં શહેરના વિવિધ વિસ્તારોમાં સુરત (વરાછા)ના ભાજપના ધારાસભ્ય કુમારભાઈ કાનાણીને અભિનંદન પાઠવતા બેનરો લગાવવામાં આવ્યા છે. ''જય જવાન જય કિસાન''ના સૂત્ર સાથે લગાવાયેલા આ બેનરોમાં કુમાર કાનાણી દ્વારા ખેડૂતોની વેદના મુખ્યમંત્રી સમક્ષ રજૂ કરીને દેવું માફ કરવાની માંગ માટે લખાયેલા પત્રની પ્રશંસા કરવામાં આવી છે.

આ બેનરો મણિભાઈ ચોક, નાવલી નદી, રાજકાપીઠ રોડ અને પાલિકા કચેરીના ગેટ નજીક લગાવવામાં આવ્યા છે. બેનરોમાં લખાયું છે ''કમોસમી માવઠા અને નુકસાનગ્રસ્ત ખેડૂતોની વેદનાને વાચા આપી દેવું માફી માટે રજૂઆત કરવા બદલ સુરત (વરાછા)ના ધારાસભ્ય કુમારભાઈ કાનાણીનો ખૂબ ખૂબ આભાર.''

ખાસ વાત એ છે કે આ બેનરો ખેડૂત પરિવારોના નામે લગાવવામાં આવ્યા હોવાનું જણાય છે. ભાજપના ગઢ ગણાતા સાવરકુંડલામાં સ્થાનિક ધારાસભ્યની જગ્યાએ સુરતના ધારાસભ્યને અભિનંદન આપતા બેનરો લાગતા સ્થાનિક રાજકારણમાં ગરમાવો જોવા મળ્યો છે. અનેક જગ્યાએ લોકોમાં ચર્ચા શરૂ થઈ છે કે સ્થાનિક જનપ્રતિનિધિઓની હાજરીમાં બહારના વિસ્તારના નેતાના બેનરો કેમ લગાવાયા?

કુમાર કાનાણી તાજેતરમાં ગુજરાતના ખેડૂતોના દેવા માફ કરવા અને કમોસમી વરસાદથી પીડિત ખેડૂતોને ન્યાય મળે તે માટે મુખ્યમંત્રીને પત્ર લખી આવ્યા હતા. તેમના આ પગલાને ખેડૂતો તરફથી મળતી લોકપ્રિયતા હવે સૌરાષ્ટ્ર સુધી પહોંચી છે, જે આગામી રાજકીય સમીકરણો માટે પણ મહત્વપૂર્ણ સંકેત ગણાઈ રહ્યું છે.

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે. બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ
એ.સી. હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Franchise Development Manager - 1
Experience : 1-2 Years
• Sales & Marketing Officer - 2
Experience : 1-2 Years
• Night Billing Executive - 2
Experience : 1-2 Years
• Reporting Manager - 2
Experience : 1-2 Years
• Junior Accountant - 1
Experience : 1-2 Years
• Trainer – 1
Experience : 1-2 Years
Location :
Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)